even unto death—that was Passive Resistance, nothing else. Nothing else, and nothing less than that, would satisfy the requirements of Passive Resistance. If, therefore, he was indentured to Mr. Marshall Campbell, or Mr. Sanders, or any friends about there, and if he found that he was being persecuted or not receiving justice, in their case he would not even go to the Protector, he would sit tight and say, "My master, I want justice or I won't work. Give me food if you want to, water if you want to; otherwise, I sit here hungry and thirsty," and he assured them that the hardest, stoniest heart would be melted. Therefore, let that sink deeply into themselves, that whenever they were afraid of any injury being done to them all, that was the sovereign remedy and that alone was the most effective remedy. If they wanted advice and guidance, and many of them had complained that he was going away, and that his advice would not be at their disposal, all he could suggest to them was that, although he was going away, Phœnix was not leaving, and, therefore, if they had any difficulty for which they did not wish to pay Mr. Langston or other lawyers, they should go to Phœnix and ask Mr. West or Mr. Chhaganlal Gandhi what was to be done in a particular case. If Mr. West or Mr. Chhaganlal could help them, they would do so free of charge, and if they could not they would send them to Mr. Langston or his other brothers in the law, and he had no doubt that, if they went to Mr. Langston with a certificate from Mr. West that they were too poor, he would render them assistance free of charge. But, if they were called upon to sign any document whatsoever, his advice to them was not to sign it unless they went to Phœnix and got advice. If Phœnix ever failed them and wanted a farthing from them, then they should shun Phœnix.

The scene before him that morning would not easily fade from his memory, even though the distance between him and them might be great. He prayed that God might help them in all the troubles that might be in store for them, and that their conduct might be such that God might find it possible to help them. And to the European friends living in this country he wished to tender his thanks, and he wished also to ask them to forgive him if they had ever considered that during that awful time he was instrumental in bringing about any retaliation at all on the part of his countrymen. He wished to give them this assurance that he had no part or parcel in it, and that, so far as he knew, not a single leading Indian had asked the men to retaliate. There were times in a man's life when he lost his senses, his self-control, and under a sense of irritation, fancied or real, began to retaliate when the brute nature in him rose, and he only went by the law of "might is right," or the law of retaliation—a tooth for a tooth. If his countrymen had done so, whether under a real sense of wrong or fancied, let them forgive him and let them keep a kind corner in their hearts; and, if there were any employers of indentured labour there present who would take that humble request to them, he did ask them not to think always selfishly, though he knew it was most difficult to eradicate self, and let them consider these indentured Indians not merely as cattle which they had to deal with, but as human beings with the same fine feelings, the same fine sentiments as themselves. Let them credit them to the fullest extent with their weaknesses, as also at least with the possibility of all the virtues. Would they not then treat their Indian employes even as brothers? It was not enough that they were well treated as they well treated their cattle. It was not enough that they looked upon them with a kindly eye merely; but it was necessary that employers should have a much broader view of their own position, that they should think of their employes as fellow human beings and not as Asiatics who had nothing in common with them who were Europeans, and they would also respond to every attention that might be given to them. Then they would have an intelligent interest not merely in the material or physical well-being of their men, but in their moral well-being. They would look after their morality, after their children, after their education, after their sanitation, and, if they were herding together in such a manner that they could not but indulge in hideous immorality, that they would themselves recoil with horror from the very imagination that the men who were for the time being under their control should indulge in these things because they had been placed in these surroundings. Let them not consider that because these men were drawn from the lowest strata of society that they were beyond reclamation. No, they would respond to every moral pressure that might be brought to bear upon them, and they will certainly realise the moral height that it is possible for every human being, no matter who he is, no matter what tinge of colour his skin possesses.

Messages of Congratulation.

THE VICEROY:

In connection with the settlement of the Indian difficulty in South Africa, the following message was sent to the Viceroy of India by Mr. Gokhale:—

"Indian community in South Africa desire me to act as their spokesman and convey to your Excellency their humble and heartfelt thanks for your great help and courageous advocacy, which have greatly facilitated settlement."

Lord Hardinge sent the following reply:—

"I thank you sincerely for your message from Indian community in South Africa. I did no more than my duty in giving expression to deep feelings of India last November. The generous settlement secured through wise and patriotic action of Union Government is greatly appreciated in India, and will, I am confident, conduce to the happiness and prosperity of our Indian fellow-subjects in South Africa."

LORD AMPTHILL:

The following cablegram was received from Lord Ampthill by the British Indian Association:—

"Warmest congratulations to all concerned. Settlement is honourable to all, after a long struggle, manfully pursued, and is bound to ensure mutual respect and friendship in future."

MR. HOSKEN:

Mr. William Hosken, Chairman of the European Committee of Sympathisers in Johannesburg, cabled from London as follows:—

"Hearty congratulations on the outcome of a struggle marked by so much courage, endurance, and high principle."

MESSRS. ANDREWS AND PEARSON:

From India the Rev. C. F. Andrews and Mr. W. W. Pearson sent jointly the following message:—

"We join with you in heartfelt thanksgiving for the successful issue of the struggle, we rejoice with you for the successful issue of the struggle, and pray that peace may now be firmly established on a righteous foundation. Love to all our dear friends who have don so nobly and won so noble a victory."

Then and Now!

"Peace hath her victories,
No less renown'd than war."—*Milton.*

As an indication of the degree in which the public conscience has been influenced by the Passive Resistance Movement, we publish the following remarkable contrast of views held by prominent South African Statesmen at the beginning and at the end of the historic struggle:—

If his (General Botha's) party were returned to power they would undertake to drive the coolies out of the country within four years. He suggested the means to that end to be expropriation of their interests in the country by means of arbitration.—General Botha, in an election address at Standerton, January, 1907.

"The Asiatic cancer, which has already eaten so deeply into the vitals of South Africa ought to be resolutely eradicated."—General Smuts in a letter to Mr. R. Tatham, October, 1906.

The class which had vested rights here could not be interfered with anyway. . . . He well remembered how from the very first they had experienced difficulties in the Transvaal concerning the Indian question. It had been quite impossible for any Parliament to say in an off-hand manner, "Put all these people out of the country, we do not want them here." Only by paying millions of pounds in compensation could they have done anything like that, and even then the matter would not have been settled.—General Botha, in the House of Assembly, June, 1914.

The Minister of Finance (General Smuts) moved the second reading of the Indians Relief Bill. He requested Members to approach such a thorny and difficult question in a non-controversial spirit. The House were now in a position to finally settle the Indian problem on a satisfactory basis, the recommendations of the Solomon Commission, which enquired into the grievances of Indians, having been accepted by the Indian Government, and also . . . by the Indian community.—In the House of Assembly, June, 1914.

The Colonial-born Indian: The Settlement and His Future.

By A. Christopher.

THE writer purposes to view "the settlement" born of the Passive Resistance Movement initiated by that great Indian leader, Mr. Gandhi, and brought to a head by the unparalleled event in the life of the Indian Community in South Africa, huge strike demonstration by which assumed the form of a thousands of Indian labourers and others—(these have now become matters of history)—and, incidentally, to consider an aspect or two of the future of the Colonial-born Indian. It is but fair to preface the introspection with the qualification that whilst Mr. Gandhi has declared "the settlement" to constitute the Magna Charta of the Indians in South Africa, he has been careful to add that it would give the Indians a breathing space of time, thereby leaving it to be inferred that, as the Magna Charta signed by King John at Runnymead was but the beginning of what to-day are the liberties, privileges, and responsibilities of the Briton, so from the endeavours of the Indian Community following upon "the settlement," yclept the Magna Charta of South African Indians by Mr. Gandhi, must come the eventual complete recognition of the Indian in the life of the State here. But to speak of the redress in a fuller or lesser measure of Indian grievances as a settlement of the Indian Question is a misnomer, and can but be true in a restricted sense. The abolition of that iniquitous tax of £3 on ex-indentured Indian immigrants is a settlement, and its effect especially upon the future Indian population will be tremendous and for the good. The legislation upon the marriage question is as much as can be reasonably expected in a country like South Africa, particularly when it is remembered that some provision has been made for the safeguarding of plural wives where such already exist. The removal of the racial bar is a matter of paramount importance to the future of Indians. The just administration of the laws of the country has been promised. Regulations have been framed under the Indians' Relief Act, but so short a time has elapsed since these things have happened that it would be speculative to express dogmatic views upon the details of "the settlement." But the restoration of the right of South African-born Indians to enter the Cape Colony is in a sense a settlement, though it carries with it the reservation, that in the event of that Province being "flooded" with Indians born in the other Provinces, that that right may be administratively withdrawn. Whether such a reservation was expressed or not, it is in the power of the Legislature to do whatsoever it wills, and where, as in human affairs, there is ever change, there can be no finality, though the settlement of a question at the time it is effected and so long as no developments take place therein, may be viewed as final. This observation on the changes to which man is ever subject is especially applicable to the Colonial-born Indian, who, it has been admitted from the statesman, the Public Commission economist, to the veriest scribbler in the dailies of the country, is a problem in himself, and the solution of this problem will be the end of what is known locally as the Indian Question. The Hon. Mr. Gokhale, when here, advised Colonial-born Indians to seek their own salvation, as to them this land was their home, however much they might look to India as their motherland. Patriotic they might be, and there can be no doubt that they are, but immediately they were concerned with the affairs of South Africa, and their efforts should be directed to their acceptance in its polity; but this phase of the question is so vast that it permits not a cursory discussion here. Mr. Gandhi, on the eve of his departure from South Africa, was emphatic in his advice that, as the salvation of the Indian Community was in the hands of the Colonial-born Indians, if they who had come to this country were to cut themselves away from them, they would surely be driving a nail into their coffin. These expressions are worthy of remark. They suggest that with the stoppage of Indian immigration—free, restricted or conditional—and with the elimination of the India-born Indian by the hand of death or by return to India, gradually, in the course of a number of years, the entire character of the future Indian population here would be South African. To the South African-born Indian, then, must they, who would solve the Indian Question, turn, and in him they will find material worthy of a part in the structure of South Africa. He is in a state of transition from the East to the West, and, if it were possible that the virtues of the Occident and the Orient could be blended in him, then the prediction of Kipling, that the East and the West will never meet, will have been falsified. And there is hope for the Colonial-born Indian, given the opportunities of trade, calling, occupation and freedom of locomotion, with facilities for academic, technical, agricultural, and industrial education, that he will hold his own; but his condition will be cribbed, cabined and confined, so long as the proverbial barriers remain in the country with a Union which cannot for ever keep the Indians born in South Africa from realising their oneness of interests and aspirations in life; and this must happen sooner than most people would expect, as the Colonial-born Indian must, by the force of his circumstances and environment, become more and more anglicised. If, though the Jew, than whom none is more tenacious of the language, religion, customs, traditions and

history of his nation, be anglicised and yet remain a Jew, it is probable that the Indian may become anglicised and yet be not denationalised. Evidences of this are not wanting, for, with the absorption of much that is English, such as, for instance, certain sports, there goes along with these their national games, and this process is noticeable in almost everything connected with them. But at the same time, the attractions of the West appear to be gaining in strength, and the risk of the Colonial-born Indian eventually in the course of generations losing his power to withstand them even partially is very great indeed. The position, however, is not hopeless, if the communication that existed between India and South Africa by the immigration and emigration of Indians is restored, in any case for the present, by the organisation of a means by which Colonial-born Indian boys and girls may spend some years of their life in India, learning as much as is possible during those years of something of India, its wealth of intellectual and spiritual knowledge, its greatness and its resources, past and present, and, if he or she dare, peep into its future.

And this leads one to consider the means by which the Colonial-born Indian, irrespective of sex—for the education of the girls, the mothers of the nation, is as important as that for the boys—may live and study in India, and the means that suggest themselves are scholarships tenable in India, enabling the student to return from thence the better qualified to earn, and learned in the lore of India to serve his community in a distant land and be patriotic to the country of his fathers. Education doled out to the Colonial-born Indian leaves much to be desired. Mr. Gandhi has already indicated his willingness to assist in the education of Colonial-born Indians in India, and may not the Colonial-born Indian ask the nation-builders of India: Have we not a place in the structure of the national edifice you contemplate, and will you not assist us, so that we may assist you in your patriotic work?

FORCE NOT AN ATTRIBUTE OF GOD.

"What was and is the offence of the Cross?" asked Dean Inge in St. Paul's Cathedral. "Evil is to be overcome by goodness, not by resistance."

"It is said that when Clovis, the war-like Frankish king, first heard the story of the Crucifixion, he exclaimed in generous heat, 'If I and my Franks had been there, we would have rescued him.' But Christ would not rescue Himself.

"There is a very striking sentence in the Epistle to Diognetus, an early Christian document of the second century. It runs simply, 'Force is not an attribute of God."

"And how completely and persistently it has been ignored in later history! The Church began to govern by force, by violence, even before force and violence had ceased to be exercised against itself. The mischief, of course, was not in establishing a Church order, with disciplinary powers, but in consecrating violence as an instrument for doing God's work. Our Lord called this 'worshipping the Devil,' and it has, in fact, produced the most gigantic crimes in history."

THE COMING BROTHERHOOD.

There shall come from out this noise of strife and groaning
A broader and a juster brotherhood;
A deep equality of aim, postponing
All selfish seeking to the general good.
There shall come a time when each shall to another
Be as Christ would have him, brother unto brother.

There shall come a time when brotherhood grows stronger
Than the narrow bounds which now distract the world;
When the cannon roar and trumpets blare no longer,
And the ironclads rust and the battle-flags are furled;
When the bars of creed and speech and race, which sever,
Shall be fused in one humanity for ever.

—Sir Lewis Morris.

EDITOR'S NOTE.—The Editor desires to thank all those who have helped in the issue of the "Golden Number," either by writing articles, lending or presenting photographs, or in other ways.



THE LATE SIR DAVID HUNTER, K.C.M.G.



Mr. Ahmed Mahomed Cachalia,

chairman of the Transvaal British Indian Association, one of the staunchest Passive Resistance leaders. He served periods of imprisonment and allowed himself to be made insolvent rather than violate his oath, subsequently paying his creditors Twenty shillings in the Pound.



Photo by] [R. Bhagwan.

The last photograph of Mr. & Mrs. Gandhi in Durban along with several friends.

H. H. the Aga Khan,
who presided over the Bombay mass meeting on the South African question.

Mr. Omar Hajee Amod Jhaveri, joint secretary, Natal Indian Association, who in many public capacities during the struggle rendered great service to the Community.

Mr. H. M. Meyler, M.L.A.
whose whole-hearted advocacy of the repeal of the £3 tax has endeared him to the Indian Community.



The late Mr. T. R. Haddon,
a member of the European Committee of sympathisers in Johannesburg.

Mr. Vere Stent,
Editor of "Pretoria News" who has consistently advocated the Indian cause. Presided at the Pretoria farewell meeting to Mr. Gandhi.



Mr. A. H. West,

joint manager of the Phoenix Settlement and "Indian Opinion." He was arrested (but subsequently released) during the strike whilst succouring indentured lab ourers who had fled to Phoenix for protection from neighbouring estates

Miss Ada West,

(Devi Behn) who acted both at Tolstoy Farm and at Phoenix as "Sister" to the children sent there for training.



Mr. Maganlal K. Gandhi,

one of the pioneer Settlers at Phoenix who sacrificed his strong desire to suffer imprisonment in order to attend to the duties of Home and the Press.



Photo by] [B. Gabriel

An interesting group of Phoenix Settlers with their wives and families together with some of the students.

The Right Hon. Lord Ampthill, P.C., G.C.S.I., G.C.I.E.
Ex-Viceroy of India and Governor of Madras, President of the South Africa British Indian Committee, London.



Mr. Ratan J. Tata,
the philanthropic and patriotic Indian donor of three munificent contributions to the Passive Resistance Fund.

Rt. Hon. Syed Ameer Ali, P.C.,
Judge of the Privy Council, Chairman of the London Committee of the All-India Moslem League, and a member of the London Committee.



Sir Wm. Wedderburn, Bart.,
a staunch advocate of the South African Indian cause, and a true friend of India.

Mr. Parsee Rustomjee ("Kakaji") the "Grand Old Passive Resister" of South Africa

The Hon. Dadabhai Naoroji, India's "G.O.M." whose heart has throughout been with the Passive Resisters

Sir Wm. Bull, M.P., Solicitor to the London Committee

Mr. Hajee Dawad Mahomed, President, Natal Indian Association, spent twelve months in prison as a Passive Resister

Sir Chas. Bruce, G.C.M.G., a prominent member of the South Africa British Indian Committee

Mr. Gokaldas P. Gandhi, who led a party of Passive Resisters from Tongaat district

Senator W. P. Schreiner,
who fought strenuously for
justice to the Indian
Community.

Mr. Theo. L. Schreiner, M.L.A.
an eloquent spokesman in the
Assembly on behalf of Indians.



Mr. John X. Merriman, M.L.A.
a consistent champion of
fairplay to Indians.

Olive Schreiner,
the celebrated author, whose sympathies
were with the Passive Resisters.

Lady Chandavarkar,
a prominent member of the Bombay
Indian Women's Organisation who
assisted so greatly during the struggle.

Unveiling of the Valiamina Memorial by Mrs. Chas. Phillips, at Johannesburg, July 15, 1914.

THE BABE OF PEACE.

From Hindi Punch

SMUTS—What do you think of the baby?
GANDHI—Very pleasant. Born with a twig of peace in the mouth.

THE TAIL AND THE TIGER.

From Punch

VICEROY OF INDIA (TO GENERAL BOTHA): "I'm sure you only meant to have a little harmless fun with his tail, but what's fun to you may be very annoying to the rest of the tiger."



Mr. Jeewa Mahomed,
of Pretoria, who rendered valuable service to the Passive Resistance movement.

Mrs. D. M. Lazarus,
of Newcastle, who bravely worked for the comfort of the Indian women and the strikers.



Mr. Vali Peerbhai,
who assisted at Volksrust and Charlestown during the strike.

Mr. A. M. Badat,
of Volksrust, who rendered great service during the strike.



"The Steam Roller v. The Elephant. (The Elephant 'sat tight'; the Steam Roller exploded.")—*Sunday Times.*

[Reproduced by kind permission

THE PIONEER PARTY OF THE LAST PHASE OF THE STRUGGLE

Cupoosamy Moonlight, V. Govindrajloo, Sivpujan Budree, Revashanker Sodha.



Photo by] [B. Gabriel

Ravjibhai M. Patel, R. Govindoo, Gokuldas Garach, C. K. Gandhi, Maganbhai Patel, Ramdas Gandhi, Solomon Royeppen, H. Kallenbach, M. K. Gandhi, Mrs. M. Doctor, Mrs. Gandhi, Mrs. C. K. Gandhi, Mrs. Maganlal Gandhi, Parsee Rustomjee.

The Late Mr. Gabriel Isaac,
a European who went to gaol at Pinetown as a Passive Resister whilst in charge of the temporary camp at New Germany.



The late Mr. J. Dowell Ellis,
Mayor of Johannesburg, who welcomed the Hon. Mr. Gokhale upon his arrival in the Golden City.

Mr. W. M. Vogl,
a strenuous European sympathiser.



Mr. F. Drummond P. Chaplin, M.L.A.,
the chief Opposition spokesman in favour of the Indians Relief Bill.

INDIAN COMMISSION OF INQUIRY.



Photo by] [*A. C. Coyne*

In the centre is Sir William Solomon (chairman), with Mr. Ewald Esselen on his right, Mr. J. S. Wylie on his left, and Mr. Adler (secretary) standing.

The Hon. Mr. G. K. Gokhale, C.I.E.
the South African Indians' indefatigable champion in India. He made a tour of the Union in 1912.



Mr. M. K. Gandhi,
the ascetic in repose.

Mr. Theo. Jooste,
the genial Magistrate at Volkrust, who convicted and sentenced Messrs. Gandhi, Kallenbach and Polak last year.

Mr. Patrick Duncan, C.M.G. M.L.A. who, as Colonial Secretary of the Transvaal Crown Colony Administration introduced the Asiatic Law amendment ordinance in 1906 against unanimous Indian protests, and who has since appreciated the Imperial issues involved and has advocated measures of redress for Indians in South Africa.

Mr. Morris Alexander,
the Jewish, M.L.A. of the Castle division of Capetown, who has eloquently and at all times urged just treatment for Indians.

Mrs. J. B. Petit,
a prominent Indian lady sympathiser

Mr. J. B. Petit,
one of the Joint Secretaries of the Bombay South African Committee which has sent large sums to the Passive Resistance Fund.

Mr. K. Natarajan,
Editor of the *Indian Social Reform*, also Joint Secretary of the Bombay South African Committee.



Mr. G. A. Natesan
The indefatigable Hon. Secretary of the Indian South Africa League, Madras. Responsible for the success of the Campaign in Madras.

Mrs. Jamnabai N. Sakkai, president of the Gujarati Hindu Stri Mandal, a prominent Indian lady sympathiser

સત્યાગ્રહની મહાન લડતની ચાદગીરી અર્થે

કાઢેલો

ઇંડીઅન ઓપિનિઅનનો સોનેરી અંક

सत्यं ज्ञानं अनन्तं ब्रह्मानंदरूपम्
अमृतं यद्विभाति शांतं शिवं अद्वैतम्

આ બધાં ઈશ્વરનાં વિશેષણો છેઃ ને તેનો અરથ એવો થાય છે કે ઈશ્વર કે જે સત્ય અને જ્ઞાનમય છે, જે અંત વિનાનો છે, જે આનંદરૂપ છે, જે અદ્વૈત છે, શાન્તિમય સુખમય છે, ને જે એકજ છે અને તેના જેવો બીજો નથી તેનું હું ધ્યાન ધરું છું.
—કવિરાજ રવિંદ્રનાથ ટાગોરે દક્ષિણ આફ્રીકાના હીંદીઓને મી. એન્ડરૂસ સાથે મોકલેલો સંદેશો.

सत्यमेव जयते

સુખે દુખે સમ થઇ, લાભા લાભે જયા જયે,
યુધ્ધ તું કર હે પાર્થ, તેથી પાપ થશે નહીં.

દક્ષીણ આફ્રીકાના હીંદીની સંપુર્ણ જીત થઇ છે એમ અમે માનીએ છીએ. તેઓ આઠ વરષ ઝુઝયા બધી કોમ એકત્ર બની સેંકડો ગીરમીટીયા જોડાયા, દક્ષીણ આફ્રીકા અને હીંદુસ્થાનમાં બધા હીંદી અને ગોરા મિત્રોની લાગણી ઉશકેરાઇ. હવે જેલ જવાનું પુરૂં થયું. અને આ મહાન લડતનો અંત આવ્યો. ત્રણ ત્રણ વખત જેલના દરવાજા કેદની મુદત પુરી થયા પહેલાં ખુલ્યા એ અદભુત વાત છે, એવા દાખલા દુનિયાની તવારીખમાં બહુ નહીં મળે. જ્યારે લડત શરૂ થઈ ત્યારે ઘણા નબળા મનના હીંદી કહેતા કે 'સરકારી કાયદા કદી તુટે નહીં.' 'એ તો ભીંતની સાથે માથું પછાડવાનું છે.' 'સરકાર સામે થવું એ તો ગાંડપણ છે.' આવું બોલનારા તે પૈસાની કે બીજી લાલચમાં રહી ખુદા-ઇશ્વરનું ઓછું ભાન રાખતા હતા. હવે પા. ૩ નો ખુની કર રદ થયો છે અને હીંદી પ્રજાની માગણી હતી તે સ્વીકારાઇ છે. છાપાં માત્ર ચકિત થઇ ગયાં છે. ગોરાઓ મોંમાં આંગળી ઘાલી રહ્યા છે અને વિચારે છે કે આ તે કેમ થયું ! કેમ થયું તે તેઓ સમજ્યા છે.

આ જીતને અમે સત્યનો જય માનીએ છીએ. અમે એમ નથી કહેવા માગતા કે બધા હિંદી સત્યેજ લડયા છે. કોઈએ તેમાં પોતાનો સ્વારથ નથી જોયો એમ પણ નહિ કહી શકાય. છતાં અમે એમ ચોકસ કહી શકીએ છીએ કે આ લડાઇ સત્યને સારૂ હતી. અને આગેવાનમાંના ઘણાએ માત્ર સત્ય રીતે લડત લીધેલી, તેથી આવું અદભુત પરીણામ આવ્યું છે. સત્ય એજ ઇશ્વર છે, અથવા ખુદા એ સાચજ છે, એવાં વાકય દરેક ધરમમાં મળી આવેછે. એ સત્યનું, એ ઇશ્વરનું, એ ખુદાનું જે માણસ સેવન કરે તે કદી હારેજ નહિ, એવો ખુદાઇ-ઇશ્વરી, કાયદો છે. કેટલીક વેળા સત્યવ્રત પાળનારા આદમી હાર ખાતા જણાય છે, તે દેખાવ માત્ર છે. ખરીરીતે તે નથી હારતા. ધારયું પરીણામ ન આવે ત્યારે આપણે હાર ખાધી એમ માનીએ છીએ. પણ આપણને દેખાતી હાર તે ઘણી વેળા જીતજ હોયછે. એવા દાખલા હજારો મળી આવેછે સાધારણ સત્ય ધારણ કરી અમુક પરીણામ લાવવા આપણે મથીએ, ને તે પરીણામ ન આવે તેમાં સત્યનો દોષ નથી, તે આપણો હોયછે. પરીણામ સારૂં ન હોય તો આપણી ઇચ્છા છતાં ઇશ્વર નથી આપતો. તેથી અમે ઉપર છંદ ટાંકયો છે કે સુખ દુખ, લાભ કે ગેરલાભ બધામાં સમ એટલે સરખા રહી આપણે લડત લડવાની છે. તેમ કરતાં આપણે પાપ નથી કરતા.

સત્યાગ્રહી કોણ થઇ શકે ?

ઉપરના સવાલનો જવાબ પાંચ વરસ ઉપર 'ઇંડીઅન ઓપીનીઅન'માં જે અપાયો હતો તે આજે ફરીને વિચારીએ. વિચારતાં તે જવાબ યથાર્થ હતો એમ માલુમ પડે છે. ત્યારે ભાગ્યેજ કોઇ જાણતું કે આ લડત આટલી જગ જાહેર થશે અને તે આઠ વરસ સુધી લંબાશે. પણ તે જેમ જેમ વધારે લંબાઈ તેમ તેમ આપણે વધારે કસાયા, વધારે જોઇ શકયા અને વધારે શીખી શકયા. છેવટના ભાગમાં તો સૈકડો અને હજારોએ જાતી અનુભવ લીધો અને તેમાંથી સહુ કોઇને માલુમ પડયું હશે કે આ લડતમાં હારવાનું તો છેજ નહીં. અમુક વસ્તુ ન મળે તો આપણે જોઇ શકીએ છીએ કે તેમાં સત્યાગ્રહીની કચાશ છે. કંઇ સત્યાગ્રહની કચાશ નથી. આ વાત બહુ ધ્યાનપુર્વક સમજવા જેવી છે. શરીરબળની લડાઇમાં આવો નિયમ લાગુ પડતો નથી. તેમાં બે લશ્કરો મળે ત્યારે માત્ર લડવૈયાની કચાશથીજ હાર થાય એવું નથી હોતું. લડવૈયા અતી બહાદુર હોય છતાં બીજાં સાધનો કાચાં હોય તો હાર થાય છે. જેમકે તેઓના કરતાં સામાવાળાની પાસે હથીઆર સરસ હોય, અથવા તેઓને જગ્યા સરસ મળી હોય, અથવા તેઓની પાસે કળા વધારે હોય. આવાં ઘણાંક બહારનાં કારણોથી શરીર બળથી લડનારાની હારજીત થાય છે. પણ સત્યાગ્રહથી લડનારને બહારનાં કારણો બીલકુલ અડચણ કરી શકતાંજ નથી. માત્ર તેઓની કચાશજ તેઓને નડે છે. વળી સાધારણ લડાઇમાં જે પક્ષ હાર ખાય તેના બધા માણસો હાર્યા ગણાય અને હારે છેજ. સત્યાગ્રહમાં એકની જીતથી બીજા ભલે જીત્યા ગણાય, પણ બધા હારે છતાં જે પોતે હાર્યો નથી તે બીજાની હારથી હારતો નથી.

ત્યારે આવી જે સરસ — હાર વિનાની — એકજ પરિણામ વાળી લડાઇ તે કોણ લડી શકે એ વિચાર કરવો અત્યંત જરૂરનો છે. તેમાંથી આપણે ટ્રાંસવાલની લડતનો કેટલોક પરિણામો સમજી શકશું અને બીજી જગ્યાએ અથવા બીજે અવસરે એ લડત કેમ લડાય ને કોણ લડે એ જોઇ શકશું.

સત્યાગ્રહનો અર્થ જોતાં આપણે દેખીએ છીએ કે પહેલી શરત તો એ છે કે તે લડતવાળાને સત્યનો આગ્રહ — સત્ય નું બળ — હોવું જોઇએ. એટલે તે માણસે માત્ર સત્ય ઉપર આધાર રાખવો જોઇએ; એક પગ દહીંમાં અને એક પગ દુધમાં એમ ન થઇ શકે. એવો માણસ વચમાં કચરાઇ જવાનો. સત્યાગ્રહ એ કંઇ ગાજરની પપુડી નથી. તે વાગે તો વગાડશું નહીં તો ચાવી જઇશું. એમ માનનાર રખડી મરવાનો. શરીરબળની ખામીવાળો અથવા શરીરબળ નથી ચાલતું એટલે પરાણે સત્યાગ્રહી થવું પડે એવું માનનારાજ સત્યાગ્રહ લડે છે આ તદ્દન નમાલી વાર્તા છે. આવું માનનારને લડતની ખબર નથી એમ કહી શકાય. સત્યાગ્રહ તે શરીર બળ કરતાં વધારે તેજસ્વી છે ને તેની આગળ શરીર બળ એક તણખલા સરખું છે. શરીરબળમાં મુખ્ય વાત એ છે કે બળીઓ માણસ પોતાના શરીરની દરકાર ન કરતાં રણમાં ઝુઝે છે, એટલે કે તે બીકણ નથી. સત્યાગ્રહી તો પોતાના શરીરને કંઇજ નથી ગણતો. તેનામાં બીક તો પેસીજ ન શકે. તેથીજ તે બહારનાં હથીઆર ધારણ કરતો નથી, અને મોતનો ડર રાખ્યા વિના અંત લગી ઝુઝે છે. એટલે સત્યાગ્રહીનામાં શરીરબળ કરતાં વધારે હિંમત હોવી જોઇએ. આમ સત્યાગ્રહીને પ્રથમતો સત્યનું સેવન, અને સત્ય ઉપર આસ્થા હોવાં ઘટે છે.

તેનામાં પૈસાની બેદરકારી હોવી જોઇએ. દોલત અને સત્ય ને સદા અણબનાવ રહેલો છે ને આખર સુધી રહેશે. જે દોલત ને વળગે છે તે સત્યને જાળવી શકતો નથી એ આપણે ટ્રાંસ વાલમાં ઘણા દાખલાથી જોયું. આનો અર્થ એમ નથી કે સત્યાગ્રહી પાસે દોલત હોયજ નહીં. તેની પાસે દોલત હોઇ શકે, પણ પૈસો તેનો પરમેશ્વર ન થઇ શકે. સત્યને સેવતાં પૈસો રહે તો ઠીક છે નહીં તો તે હાથનો મેલ છે એમ સમજી તેને જતો કરતાં એક પળવાર પણ આંચકો ખવાય નહીં. આવું મન જેણે ન કરયું હોય તેનાથી સત્યાગ્રહ નજ લેવાય. વળી જે દેશના રાજાની સાથે સત્યાગ્રહી થવું પડે છે તે દેશમાં સત્યાગ્રહીની પાસે દોલત હોવી એ મુશ્કેલી ની વાત છે. રાજાનું બળ માણસ ઉપર નથી ચાલતું, પણ તેની દોલત અથવા તો તેની બીક ઉપર ચાલે છે. કાંતો ખજાનો લુંટી લેવાની વાતથી અથવા તો તેના શરીરને નુક શાન પહોંચાડવાની બીકથી રાજા રયેત પાસેથી જે કરાવવું હોય તે કરાવે છે. એટલે જુલમી રાજાના રાજ્યમાં ઘણે ભાગે જુલમમાં ભાગ લેનાર માણસથીજ પૈસો એકઠો કરી શકાય છે. જુલમમાં ભાગ લેવો એતો સત્યાગ્રહીથી થાય નહીં એટલે આવી સ્થિતિમાં સત્યાગ્રહીએ ગરીબાઇમાં તવંગરી માનવી ઘટે છે.

આ સંબંધી એ વિચારવા જેવું છે કે શરીરબળ અજમાવતાં પણ આમાંનું ઘણું તજવું પડેછે. ભુખ, તરસ, ઠંડ, અને તાપ વેઠવાં પડેછે. કુટુંબ માયા છોડવી પડેછે. પશ્કસો જતો કરવો પડેછે. બોયર લોકોએ શરીરબળ અજમાવતાં આ બધું એ કરયું. તેઓના શરીરીઆગ્રહમાં અને આપણા સત્યાગ્રહમાં તફાવત એ મોટો છે કે તેઓની બાજી પાસા બાજી હતી. વળી શરીરબળથી તેઓ મગરૂર થયા અરધા જીત્યા તેમાં તેઓ પોતાની આગલી દશા ભુલી ગયા.

જાલીમની સામે જાલીમ હથિયારથી લડયા તેથી તેઓ હવે આપણી ઉપર જાલીમ થઈ બેઠા છે. સત્યાગ્રહી લડીને જીતે ત્યારે તેની જીતનું પરીણામ તેને તેમજ બીજાને સારૂંજ આવે. સત્યાગ્રહી કોઇ દિવસ સત્યને જાળવીને જાલીમ નજ થાય.

સત્યાગ્રહીને કુટુંબની માયા છોડવી પડેછે. આ બહુ અઘરી વાત છે પણ સત્યાગ્રહ તેના નામ પ્રમાણે તલવારની ધાર છે. અને અંતે આમાં પણ કુટુંબનો લાભ જળવાય છે. કેમકે કુટુંબીઓને સત્યાગ્રહની લગની લાગવાનો વખત આવે છે અને એ લગની જેને લાગી તેને પછી બીજી ઇચ્છા રહેતી નથી. અમુક દુઃખ વેઠતાં, ધન ગુમાવતાં, જેલ જતાં કુટુંબનું શું થશે એ શોક કે શંકા થવાં ન જોઇએ. જેણે દાંત આપ્યા છે તે ચાવણ આપશે. સરપ, વીંછુ, વાઘ, વરૂ વિગેરે ભયાનક જંતુ કે પ્રાણીને પોતાનો ખોરાક જે આપી રહ્યો છે તે માણસ જાતને ભુલવા વાળો નથી. આપણે જે વલખાં નાખીએ છીએ તે શેર બાજરીનાં કે મુઠી ધાનના નહિ પણ ખટ મધુરા સ્વાદ કરવાનાં. ટાઢ સહન થઇ શકવા પુરતાં જેવાં તેવાં કપડાંના નહિ, પણ રેશમ કીનખાબના. જો આ લવરી મુકી દઇએ તો કુટુંબના ભરણ પોષણની ચિંતા થોડીજ રહે છે.

આમ સત્યાગ્રહી કોણ થઇ શકે તેનો વિચાર કરતાં છેવટ એ આવેછે કે જે ધરમ– દીન– ઉપર ખરી આસ્થા વાળો હોય તેજ સત્યાગ્રહી થઇ શકે. મુખમેં રામ બગલમેં છુરી એ આસ્થા નહિ. દીનનું નામ લઇ દીનથી ઉલટાં કામ કરવાં એ દીન નહિ. પણ જે ધરમ, દીન ને ઇમાન ખરી રીતે જાળવનાર છે તેનાથી સત્યાગ્રહી થઇ શકાય. એટલે કે જે માણસ ખુદા કે ઇશ્વર ઉપરજ બધું છોડેછે તેને જગતમાં કદી હારવાનું રહેલુંજ નથી. લોક હાર્યા કહે તેથી તે હાર્યા ગણાય નહિ. લોક જુત્યા માને તેમાં જીત પણ નહિ. તે તો જે જાણે છે તેજ જાણે છે.

આ સત્યાગ્રહનું ખરૂં સ્વરૂપ છે. તેને કંઈક ભાગે દક્ષીણ આફ્રીકાના હિંદીએ જાણ્યું છે. જાણીને કંઇક ભાગે તે પાળ્યું છે. તેટલામાંથી પણ તેનો અમુલ્ય રસ આપણે ચાખી શકયા છીએ. જેણે સત્યાગ્રહને ખાતર સરવે જતું કરયું છે તેણે સહુ મેળવ્યું છે. કેમકે તેઓ સંતોષ માનેછે. સંતોષ એ સુખ છે. બાકી સુખ કોણે જાણ્યું છે? બીજું સુખ તે તો ઝાંઝવાંની જેમ છે. જેમ તેની આગળ જઇએ છીએ તેમ તે તેટલુંજ દુર દેખાય છે.

આમ વિચારી દરેક હીંદી સત્યાગ્રહી બને એમ અમે ઇચ્છીએ છીએ. એ હથીયાર હાથ આવશે તો બધાં અન્યાયથી થતાં દુઃખોને દુર કરવા તે કામે લાગશે. તે અહીંજ નહિ પણ દેશમાં વધારે ઉપયોગી છે. માત્ર તેનું ખરૂં સ્વરૂપ સમજવું જોઇએ. તે સમજવું સહેલું તેમજ અઘરૂં છે. શરીર બળીયા પણ કોઇકજ થાયછે. ત્યારે સત્ય બળીઆ તેથી પણ થોડાજ હોય.

જેલમાં કોણ જઇ શકે?

સત્યાગ્રહી કોણ થઇ શકે એ આપણે દુંકમાં વિચારી ગયા પણ સત્યાગ્રહ કંઇ જેલ જઇને અટકતો નથી. સત્યા ગ્રહીને સુળીએ ચડવું પડયું છે, ધગધગતા લોખંડના થાંભલા ની બાથ ભીડવી પડી છે, પર્વત ઉપરથી ગબડવું પડયું છે, ઉકળતા તેલના પેણામાં તરવું પડયું છે, બળતા વનમાં ચાલવું પડયું છે, રાજપાટ વેચી નીચ ઘેર વેચાવું પડયું છે, ને સિંહની ગુફામાં રહેવું પડયું છે. આમ સત્યાગ્રહીની કસોટી દુનીયાના જુદા જુદા ભાગમાં જુદી જુદી રીતે થએલી છે.

તેમ દ. આફ્રિકામાં સત્યાગ્રહીની કસોટી જેલ જવામાં આવી ગઇ છે. એટલે જેલ કોણ જઇ શકે આ સવાલ ઉપયોગી છે. કેટલાક હીંદી જેલ જવા રાજી હતા છતાં કંઇક કારણોને લીધે નથી ગયા — નથી જઇ શકયા. એવાં શું કારણ હશે? તે સવાલનો જવાબ જેલ કોણ જઇ શકે તે સવાલ પુછવાથી ને તેનો જવાબ જાણવાથી મળી શકે એમ છે.

ત્યારે સત્યાગ્રહીમાં જે ગુણ હોવા જોઇએ ને જે આપણે વિચારી ગયા તે બધા થોડા ઘણા પ્રમાણમાં જેલ જનારમાં હોવા જોઇએ. પણ વધારામાં નીચે પ્રમાણે શકિતઓની જરૂર છે.

૧ વ્યસનથી દુર રહેવું.
૨ શરીર ઠીક કસાએલું.
૩. સુવા બેસવાની આળ પંપાળ નહીં.
૪. ખાવામાં અતિ સાદાઇ.
૫. ખોટું માન ખીસ્સામાં રાખવું.
૬. ધીરજ.

આટલા છ ગુણ (એને જેલની ષડ સંપત્તિ કહીશું.) મુખ્યત્વે કરીને જેલી ભાઇને ઘટે છે. તે હવે તપાસી જઇએ. અનુભવ એવો થયો છે કે બીડી, દારૂ, સોપારી કે ચાહ સુધીના વ્યસનથી જેલ જનાર કંટાળી ગયા છે. આમ હોવાથી પોતે જેલમાં ચોરી કરી છે, એટલે સત્ય તજ્યું છે માટે બીજી વેળા જેલનું નામ ભુલી ગએલ છે. એટલે વ્યસન માત્રથી દુર રહેવું ઘટે. એકજ વ્યસનની છુટ હોય; અને તે ઇશ્વરના નામનું રટણ.

સત્યાગ્રહી નામરદથી થવાતું નથી. તેમ જેલની બરદાસ રેઢીઆળ શરીરવાળા ઘણે ભાગે નથી કરી શકતા. મનોબળથી શરીરની તાકાત ન હોય છતાં ઘણા વિરલાઓએ સંકટ વેઠયાં છે. આ અસાધારણ દાખલા ગણાય. સાધારણ નિયમ તો એ કે શરીરનો બાંધો\નિરોગી અને ઠીક હોવો જોઇએ તેમ ન હોવાથી કેટલાક કંટાળી ગએલા છે. સત્યાગ્રહી સમજે છે કે તેનું શરીર એ તેને ભાડે મળ્યું છે. તેને સાફ અને તેજસ્વી રાખી પોતે સારા ભાહુત નીવડવું એ લાજમ છે.

જેને કમાનદાર ખાટ ને તેની ઉપર સુંવાળાં ગાદલાં વિગેરે સુવાને જોઇએ તે માણસ એકા એક ભોંય તળીએ ન સુઇ શકે એ સમજાય એવું છે ત્યારે આવી આળપંપાળ પણ છોડવી જોઇએ.

ખોરાક એ લગભગ મોટામાં મોટો સવાલ થઇ પડયો જોવામાં આવે છે. પણ તે નવાઇ જેવું નથી. જીભને બોલવા માં ને સ્વાદમાં જેણે જીતી છે તેણે ઘણું જીત્યું ગણાય. સ્વાદીલું જમણ ન જોઇએ એવા બહુ થોડાજ જોવામાં આવે છે. ગરીબડા કાફરાઓ પણ ખાવાને માટે મરી પડે છે. આ નાનો સુનો સવાલ નથી. તેમ છતાં જેઓ પરમાર્થ કરવા જેલ જવા માંગે તેને સ્વાદની ઇંદ્રીને જીત્યેજ છુટકો છે. જે મળ્યું તેને સારૂ ખુદાનો પાડ માનવો એ બરાબર છે. દરેક હીંદીએ વિચારવાનું છે કે હીંદુસ્તાનમાં વીસ કરોડ હીંદીને એકજવાર ખાવાનું મળે છે અને તે પણ રોટીનો ટુકડો તથા નીમક શીવાય કંઇજ નહીં. ત્યારે જેલમાં ત્રણ ત્રણ વખત ફરતું ફરતું ખાવાનું મળે તેમાંથી ગુજરાન ચલાવવું એ કંઇ ભારી વાત ન ગણાય. ભુખને બધું ભાવે છે, થોડા દિવસ ઠીક ન પડે એ બનવા જોગ છે, પણ પાછળથી જેલનો ખોરાક રૂચી જાય છે. જે હીંદી સત્યાગ્રહી થવા માંગે છે તેણે સાદા ખોરાકની ટેવ પાડવી જોઇએ.

ખોટું માન જાળવનાર જેલમાં ન જઇ શકે. ત્યાં દરોગાઓની તાબેદારી ઉઠાવવાની છે. જે હલકાં ગણાય છે તેવાં કામ કરવાં પડે છે. તે કરવામાં માન જાય, તે તો કોઇ દીવસ કરયું નથી એમ ધારી જેલમાં ન કરાય તો પરિણામ ખરાબ આવે. તાબેદારી કે વગર તાબેદારી એ મનનું કારણ છે. જેનું મન આઝાદ — સ્વતંત્ર — છે તે બાકીટ ઉઠાવતો છતાં રાજા સરીખો છે. બાકીટ ઉઠાવવામાં તાબેદારીને બદલે તે આ ઠેકાણે માન સમજે છે.

છેવટે ધીરજ બાઇ રહ્યાં. જેલમાં જતાંજ દહાડા ગણવા સહુ મંડી જાય છે. આમ કરતાં દહાડા લાંબા લાગે છે. બહાર વરસો વીતી ગયા ને તે આપણે ગમાવી દીધાં, છતાં ભારી ન પડયાં. જેલના ત્રણ દહાડા તે ત્રણ વરસ જેવા. આમ કેમ? જવાબ એ કે જેલ જવું ગમ્યું નથી. હકીકત એ છે કે જેલ જવામાં સુખ માનવાનું છે. મા જેમ બચ્ચાને સારૂં દુખ વેઠીને સુખ માને છે તેમ આપણે દેશને ખાતર – સત્યને ખાતર – દુઃખ વેઠીને સુખ માનવાનું છે. જે દહાડા જેલમાં જશે તેવા બહાર નહીં ગયા હોય એ વિચાર સદાય કરી ધીરજ પકડી જેટલી જેલ આવી હોય તે ભોગવી લેવી ને ત્યાં વખતનો સારો ઉપયોગ કરવો – એટલે કે ઇશ્વરના ભજનમાં, સારા વિચારોમાં, પોતાની ખામીઓ તપાસવામાં, દિવસ ગુજારવા. એટલે એક પંથને દો કાજ કર્યા બરાબર થશે.

આમ છ ગુણ તો જેલીને જરૂર હોવા જોઇએ. પછી બીજા તેની મેળે સુઝી આવશે.

સત્યાગ્રહનો ભેદ

ઉપરનું લખ્યા પછી તેનો ભેદ સમજવાની જરૂર છે. આ ભેદ સમજાય તો સત્યાગ્રહની જીત વિષે કંઇ ગુંચવાડો નજ આવે.

સત્યાગ્રહી ઘણી છુટો લઇ શકે છે કે જે બીજા માણસથી નથી લઇ શકાતી. કેમકે સત્યાગ્રહી તે ખરો મરદ બને છે. તેના મનમાંથી બીક ગઇ એટલે તે કોઇની ગુલામી નહિ કરે. આવી સ્થિતિએ પહોંચ્યા પછી તે એક પણ ગેરવાજબી વરતણુંકને તાબે નહિ થાય. આવો સત્યાગ્રહ તે માત્ર સરકારની સામેજ નહિ પણ કોમની સામે પણ વાપરી શકાય ને વાપરવો જોઇએ. સરકાર અવળી ચાલે તેમ કોમ પણ વાંકે રસ્તે જાય એવું ઘણી વેળા બને છે. તેવે વખતે સત્યાગ્રહ કોમની સામે વાપરવો એ ફરજ છે. કાયદા સામે થવાની ફરજના લખનાર મરહુમ થોરો પોતાની કોમની પણ સામે થએલ. તેણે વિચારયું કે કોમ ગુલામોને વેચવાનો ધંધો કરવામાં આડે રસ્તે ચાલે છે. તેથી તે પોતાની કોમની સામે થયો. મહાન લ્યુથર તે એકલો પોતાની કોમની સામે થયો હતો. તેને પરિણામે આજે જરમની છુટ ભોગવે છે. ગેલીલીઆ તે પોતાની કોમની સામે થયો. તેને મારવાને તેની કોમ ખડી થઇ ગએલી. છતાં તેણે પગ ઠોકીને કહ્યું "મને મારો યા ન મારો પણ પૃથ્વી તો ફરે છેજ." આજે સહુ આપણે જાણીએ છીએ કે પૃથ્વી તે ગોળ છે અને ચોવીસ કલાકમાં પોતાની ધરી ઉપર એક ચકર મારે છે. કોલમબસ તે પોતાના બલાસીઓની સામે સત્યાગ્રહી થયો.

ખલાસીઓ બહુ થાકયા ત્યારે તેમણે કહ્યું 'હવે અમેરીકા જડવાનું નથી. પાછા ફરો, નહિ તો મારી નાંખશું.' ધીરજવાન કોલમ્બસે જવાબ આપ્યો કે "મારની ધાસ્તિ નથી; પણ આપણે હજુ થોડા દહાડા આગળ જવું ઘટે છે." છેવટે અમેરીકા હાથ આવ્યું ને કોલમ્બસ અમર થઇ ગયો.

એવી અજબ દવા તે સત્યાગ્રહની છે. આપણે ધાસ્તિ ખાઇને 'સરકાર અમુક નહિ કરે તો?' એમ બોલીએ છીએ તે સત્યાગ્રહની ખામી બતાવે છે. કેમ જાણે હવે આપણા હાથમાંથી સત્યાગ્રહનું હથિયાર જતું ન રહ્યું હોય એવી બાયલાપણાની વાત આપણે કરીએ છીએ. પણ આપણો સત્યાગ્રહ આપણને જણાવે છે કે આપણે હવે છુટા—આઝાદ થયા છીયે. એટલે આપણને કાંઇ ધાસ્તિ રાખવાપણું નથી

એવો રિવાજ જોવામાં આવે છે કે જે ઇલાજથી અમુક વસ્તુ મળી હોય તેજ ઇલાજથી તે ટકાવી રખાય છે. જોરથી લીધેલી વસ્તુ જોરથી ટકાવી રખાય છે વાઘ અમુક પ્રાણીને જોરથી પકડે છે, ને જોરથી રાખે છે. જેઓ જોરથી કેદ થાય છે તે જોરથીજ રહે છે. જોરથી જીતેલા મુલકને બાદશાહો જોરથી રાખે છે. તેજ પ્રમાણે પ્યારથી મેળવેલી વસ્તુ પ્યારથીજ રખાય છે. મા અતિ પ્યારથી બચ્ચું પોતાના ઉદરમાં રાખે છે ને અતિ પ્યારથીજ તેને ઉછેરે છે ને મોટું કરે છે. તેને માર વિગેરે બચપણમાં મારવામાં આવે છે તેમાં જોર વપરાયું નથી માનવાનું. વળી ન્યારે કંઇ કારણસર મા બચ્ચાંની ઉપરનો પ્રેમ તજે છે ત્યારે બચ્ચુ તેને હાથથી જાય છે. તેજ પ્રમાણે જે વસ્તુ સત્યાગ્રહથી મળી છે તે સત્યાગ્રહથીજ ટકી રહેવાની છે. અને જ્યારે સત્યાગ્રહ ગયો ત્યારે તે વસ્તુ પણ ગઇ એમ ચોકસ માનવાનું છે. સત્યાગ્રહથી મેળવેલી વસ્તુ કોઇ માણસ શરીર બળથી રાખવા માગે તે બનવા જેવું નથી. ધારો કે સત્યાગ્રહથી હીંદીએ જે જીત મેળવી છે તેનું ફળ હવે શરીર બળથી રાખવા માગે. એક બાળકને પણ સમજાય તેવું છે કે શરીર બળ કરવા માગે તો હીંદી એક મીનીટમાં કચરાઇ જાય. તેજ પ્રમાણે જો સત્યાગ્રહ છોડીને બેસી રહેવાય તો મળેલું પણ પાછું ગુમાવવું પડે.

આવું ચમત્કારી સત્યાગ્રહ આપણે નથી સમજતા તેથીજ હીંદુસ્તાનમાં ગરીબડા ને નમાલા થઇ રહીએ છીએ. અને તે કંઇ સરકારનાજ સંબંધમાં નહિ પણ ખાનગી સંબંધમાં પણ. દેશની કેટલીક દેખીતી ખરાબ રૂઢીઓને આપણે જાળવી રાખીએ છીએ તેનું મુખ્ય કારણ સત્યાગ્રહની ખામી છે. આપણે જાણીએ છીએ કે અમુક વસ્તુ ખરાબ છે પણ બીકથી, આળસથી કે ખોટી શરમથી આપણે છોડતા નથી.

આ દાખલાઓ ઉપરથી સમજવું જોઇયે કે સત્યાગ્રહ એ મનની સ્થિતિ છે. અને જેના મનની સ્થિતિ સત્યાગ્રહી થઇ છે તે સદાય, બધી જગોએ, અને બધી સ્થિતિમાં જીતેલોજ છે. પછી તેની સામે રાજા થાય કે પ્રજા, અજાણ્યા માણસ થાય કે ઓળખીતા, પરાયા થાય કે સગા.

અમે દરેક હીંદીને આ વિચારો બરોબર સમજવા ભલામણ કરીએ છીએ. જેઓ સમજી શકશે તે જીતનું સ્વરૂપ જાણી શકશે ને હજુ જે કામ હીંદી પ્રજાને કરવાનાં છે તે કરી શકશે.

સત્યાગ્રહ વિષે મહાન ટોલસ્ટોયના વિચારો

મહાન ટોલસ્ટોય ૮૩ વરસની જુજરગ વયે દેહમુકત થયા ના સમાચાર બધે ફેલાયા તેજ અઠવાડીઆમાં (તા. ૨૦ નવેમ્બર ૧૯૧૦) તેમના તરફથી નીચેનો કાગળ મી. ગાંધીને મળ્યો હતોઃ

કોટોહે રશીઆ, સપ્ટેમ્બર ૭, ૧૯૧૦

" તમારૂં છાપુ મને મળ્યું છે. સત્યાગ્રહીઓ વિષે તેમાં જે લખેલું છે તે વાંચી રાજી થયો છું. તે વાંચતાં વાંચતાં જે વિચારો મારા મનમાં ઉઠી આવ્યા તે તમારી પાસે મુકવાનું મને મન થઇ ગયું. જેમ જેમ હું બુઢો થતો જાઉં છું; તેમ તેમ (ખાસ કરીને જ્યારે મારૂં મૃત્યુ નજીક છે એમ મને ચોખ્ખે ચોખ્ખું દેખાય છે ત્યારે) મારા મનમાં જે દીવા જેવી અને બહુ અગત્યની વાત રમી રહી છે તે બીજાઓ ને કહેવા મને ઇચ્છા થાય છે. આ વાત જે સત્યાગ્રહ એ નામથી ઓળખાય છે તેજ છે. સત્યાગ્રહ તે શુદ્ધ પ્રેમ સિવાય બીજું કશું નથી. મનુષ્યના આત્માને એકત્ર જોડવાનો પ્રયાસ તેજ પ્રેમ, અને તે પ્રેમજ માનવીની જીંદગીને દોરનારો ઉંચામાં ઉંચો એકજ કાયદો છે. દરેક માણસ પોતાના અંતરમાં ઉંડી ઉંડી આ લાગણી અનુભવે છે. બાળકોની અંદર આપણે તે ચોખ્ખી રીતે જોઇ શકીએ છીએ. માણસ જ્યાં સુધી દુનિયાના જુઠા શિક્ષણમાં ફસાયેલો નથી ત્યાં સુધી તે લાગણી પારખી શકે છે. આ ફરમાન બધાએ — હીંદી, ચીના, યહુદી ગ્રીક, રોમન વગેરે સંતોએ પોકારેલ છે. હું માનું છું કે આ ફરમાન ઇસુખ્રિસ્તે બહુજ ચોખ્ખી રીતે સમજાવેલ છે. તેણે ખુલ્લું કહ્યું છે કે આમાંજ બધા કાયદા અને પેગમ્બરોનો સમાવેશ થઇ જાય છે. તે ઉપરાંત દુનિયાના સ્વાર્થમાં અને સંદેહમાં સપડાયેલા માનવીઓથી આ ફરમાનનો ઉંધો અરથ

પણ થઇ શકે એમ છે, તે જોઇને તેનો ભય પણ બતાવી આપેલ છે. પશુબળથી આપસ્વારથનું રક્ષણ કરવું એવો ઉંધો અરથ પણ તેનો કરી બેસાય તેમ છે. તેણે એમ જણ્યું છે– અને દરેક સમજુ માણસ એમ જાણે છે–કે પશુબળને જીંદગીના મુળ ફરમાન પ્રેમ સાથે હોવા દેવા નથી. જ્યારે જ્યારે પશુબળનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે ત્યારે તે વાતમાં પ્રેમના કાયદાની અપુર્ણતા સ્વીકારી લેવામાં આવે છે. આ કાયદાનીજ રૂયે બહાર એટલો બધો ભભકાદાર લાગતો આખો ખ્રિસ્તી સુધારો ખોટો પડી જાય છે; કેમકે તેનું મંડાણજ દેખીતી વિચિત્ર ગેરસમજ તથા બેઢંગાપણા ઉપર રચાયેલું છે. ખરી રીતે પશુબળનો પ્રેમમાં સમાવેશ થાય એટલે પ્રેમને જીંદગીનો કાયદો કહી શકાયજ નહીં, તો પછી માત્ર પશુબળજ એક કાયદો રહેવો. ૧૬ સઇકા સુધી ખ્રિસ્તી પ્રજાએ આવું જીવન ગાળ્યું. બધા જમાનામાં માણસોએ જીંદગી બળવામાં પશુબળનો ઉપયોગ કરેલો છે તે બરોબર છે. ખ્રિસ્તી પ્રજા અને બીજી પ્રજાઓમાં ફેર એટલો કે તે પ્રજાના કાયદામાં પ્રેમ વિષે જેટલું સ્પષ્ટ સમજાવવામાં આવ્યું છે, તેટલું બીજી પ્રજામાં નથી આવ્યું. ખ્રિસ્તી પ્રજાએ આ કાયદાનો બરોબર સ્વીકાર કરેલો છે. છતાં પોતાના વરતનમાં તેણે પશુબળને માફક આપ્યો છે. તેથી તે પ્રજાના આચાર અને વિચાર એક બીજાથી ઉલટા થઇ પડેલ છે. પ્રેમ એ તેઓનું ફરમાન છે, પણ જબરદસ્તીને તેઓ પુજે છે. રાજાઓ, અદાલતો અને લશ્કરોની હાંકને તેઓએ સ્વીકારી લીધેલ છે. જેમ જેમ ખ્રિસ્તી પ્રજા આગળ વધતી ગઇ તેમ તેમ પશુબળની વધારે ગુલામ થતી ગઇ. તે એટલે સુધી કે હવે તે આખર દશાએ પહોંચેલ છે. આવી સ્થીતીમાં એજ સવાલ ઉભો થાય છે કે યાતો આપણે કબુલ થવું જોઇએ કે આપણે ધરમનીતીના શિક્ષણને ગણકારતા નથી, પણ માત્ર બળીઆના બે ભાગ એવીજ જીંદગી જીવીએ છીએ. અને જો તેમ કબુલ ન કરીએ તો પછી બધાં ફરજીઆત કરો; અદાલતો, પોલીસખાતાંઓ અને, ખાસ કરી લશ્કરો નાબુદ થવાંજ જોઇએ, એમ કબુલ કરવું જોઇએ.

આ વરસે મોરક્કોની એક કન્યાશાળામાં ધરમશાસ્ત્રની પરિક્ષા લેતી વખતે માસ્તરે અને ધરમગુરૂએ ખુદાનાં ફરમાનો વિષે સવાલો પુછ્યા. ખાસ કરીને ૬ઠા ફરમાન વિષે પુછાયેલા સવાલોના (હીંસા કરવી નહી તે બાઇબલમાં ૬ ઠું ફરમાન છે.) જવાબો બરોબર અપાયા પછી ધરમગુરૂએ સાધારણ રીતે પુછ્યું કે દરેક વાતમાં દરેક ટાણે હીંસા કરવી નહીં, એવો તે ફરમાનનો અર્થ થાય છે ખરો? બીચારી કન્યાઓને જે શિક્ષણ આપવામાં આવતું હતું, તેથી પરાણે એવો જવાબ આપવો પડ્યો કે હમેશાં એવો અરથ નથી થતો — લડાઇમાં તથા અપરાધીઓને કતલ કરવામાં હીંસા કરવાની છુટ છે. ઉપર મુજબ જવાબ મળ્યા પછી પણ તેમાંથી એકને ફરી પુછવામાં આવ્યું (આં નજરે જોનારની કહેલી વાત છે) કે હીંસા સદા પાપ છે કે નહીં? તે બાળા ગભરાણી, શરમાણી, છતાં દ્રઢતાથી જવાબ આપ્યો કે "**હીંસામાં સદા પાપ સમાયેલું છે.**" ધરમ ગુરૂના દરેક દંભી સવાલોના જવાબમાં તેણે એક જવાબ દ્રઢતાથી આપ્યો કે હીંસાની જુના કરાર(ઓલ્ડ ટેસ્ટેમેંટ)માં તદ્દન મનાઇ કરવામાં આવેલ છે, અને ક્રાઇસ્ટે પણ તેની મના કરેલ છે. વળી હીંસામાંજ પાપ છે એમ નહીં પણ, હરકોઇ માણસનું જરા બુરું કરવામાં પાપ સમાયેલું છે, એમ તેણે કહ્યું. બધી ચતુરાઇ છતાં ધરમ ગુરૂને શાંત રહેવું પડ્યું, અને કન્યાની જીત થઇ.

આપણાં વરતમાન પત્રોમાં આપણે ઉડવાની કળા, રાજ્ય તંત્રની ખુબીઓ, મોટા મોટા મંડળો, નવી નવી શોધો, અને કોમોની એકત્રતા કરવા વગેરે બાબતોમાં ખુબ બડાઇએ હાંકીએ છીએ; પણ પેલી નાની બાળાએ નીશાળમાં જે જવાબો આપ્યા તે વાતતો દટાયેલી રહેવા દઇએ છીએ. છતાં તે વાત દટાયેલી રહી શકવાનીજ નથી; કેમકે તેનો પડઘો ગમે તેટલો ઉંડો પણ ખ્રિસ્તી ધરમના માણસમાં પડ્યા વગર રહેતો નથી. સોશીયાલીઝમ, એનાર્કીઝમ, સાલવેશન આર્મી, વધતા જતા ગુન્હાઓ, આપઘાતો, પઇસાદાર માણસોની ગાંડપણ ભરેલી મોજ મજાઓ, ગરીબ લોકોની કંગાલીયત, ઇ બધું ફરમાનોની વિરૂદ્ધ વરતવાનુંજ પરીણામ છે. છતાં તેમાં ફરમાનો મુજબ ચાલવાની કોશીશ તો રહેલી છે. તેનું નીરાકરણ એવી રીતે થવું જોઇએ કે જેથી પ્રેમના ફરમાનનો સ્વીકાર થાય ને જબરદસ્તી નાબુદ થાય. એટલે ટ્રાંસવાલમાં તમારી હીલ ચાલ દુનિયાનાં બધા કામોમાં સઉથી ભલું તેમજ અગત્યનું કામ છે; તેમ અમને દુનિયાના આ છેડા પર રહેનારાઓ ને લાગે છે. આ કામમાં ખ્રિસ્તી પ્રજાને તો શું પણ આખી દુનીઆની પ્રજાને સામેલ થયેજ છુટકો છે.

એક તરફથી જોઇએ છીએ કે ગમે તેવી સડેલી સ્થિતિમાં હોવા છતાં પણ ખ્રિસ્તી ધરમ ખ્રિસ્તી પ્રજામાં માનવામાં આવે છે; બીજી તરફ લશ્કરોની અને લડાઇમાં શત્રુઓનો બને તેટલો વધારે ઘાણ વાળી શકાય એવા હથીઆરો વાપરવાની જરૂરીયાત વધતી જાય છે એ પણ જોઇએ છીએ. આ બંને વાતથી એમ ચોખ્ખું દેખાય છે કે કાંતો વહેલો મોડો ઘણું કરીને તુરતમાંજ ખ્રિસ્તી ધરમ મનાતો બંધ થવો જોઇએ, અથવા તો લશ્કરો તથા જબરદસ્તીનો અંત આવવો જોઇએ. આ કફોડી દશાનો બધી સરકારોને અનુભવ થાય છે. તમારી બ્રિટીશ સરકારને પણ તેનો અનુભવ થાય છે, અને તેથી આત્મ રક્ષણની ચીંતામાં સરકાર સામેની આવી હીલચાલને દાબી દેવા માટે તેઓ જે જુલમ (જે રશીયામાં જોવામાં આવ્યો) કરે છે તેવી બીજી કોઇ હીલચાલ માટે

નથી કરતા. મુખ્ય ભય કયાં છે તે સરકાર સમજી શકે છે અને ભય સામે પોતાનું રક્ષણ કરવામાં પોતાના સ્વારથ તરફ નજર રાખે છે, એટલુંજ નહીં પણ પોતાને જીવવા મરવાના સવાલ પર પણ નજર રાખે છે."

તમે જાણીને રાજી થશો કે અહીં ફ્રેશીઆમાં આ હિલચાલ ઝપાટાબંધ ચાલેછે. અને દિવસે દિવસે વધતી જતી સંખ્યા માં માણસો લશ્કરમાં જોડાવાની ના પાડતા જાયછે. તમો સત્યાગ્રહીઓની સંખ્યા ગમે તેટલી થોડી હોય, અને અહીં ફ્રશીઆમાં પણ તેવા માણસો ગમે તેટલા થોડા હોય, છતાં તે બધાં અને તેવા બીજા છાતી ઠોકી કહી શકે છે કે ઈશ્વર તેઓની સાથે છે અને માણસ કરતાં ઇશ્વર વધારે જોરાવર છે.

સત્યાગ્રહની લડતનો ટુંક ઇતિહાસ

સત્યાગ્રહની પ્રખ્યાત લડાઈ આઠ વરસ સુધી ચાલી એમ આપણે જાણીએ છીએ, પણ તેનું મુળ કયાંથી થયું તે શોધવું તેમજ ટુંકામાં તેનો ઇતિહાસ આપવો એ ભારે મુશ્કેલીનું કામ છે; છતાં આ લડતમાં બનેલો ખાસ બનાવોની નોંધનો ટુંકો ઈતિહાસ આપવાનો અત્રે પ્રયત્ન કરેલો છેઃ

શરૂઆત

સત્યાગ્રહની લડાઇની શરૂઆત કંઇ ૧૯૦૬ ની સાલથીજ નથી થઈ. એ હિલચાલનું મંડાણ તો ટ્રાંસવાલમાં ૧૮૮૫ થી અને નાતાલમાં ૧૮૯૪ થી થયું હતું. ૧૮૮૫ નો નંબર ૩ નો કાયદો ટ્રાંસવાલમાં રહેતા હિંદીઓ ઉપર એક ભારે બોજા રૂપ હતો. જે હિંદીઓ દેશમાં વેપાર અરથે દાખલ થયા હતા તેમણે તે કાયદા અનુસાર અમુક ફી આપી રજીસ્ટર થવાનું હતું. સ્વચ્છતા જાળવી રાખવાને નામે એશીઆવાસીઓને સારૂ ખાસ નોખી કાઢી રોકેલી જગ્યા–લોકેશન– કાઢવામાં આવ્યાં હતાં. કાયદાની આ બંને કલમોનો મોટે ભાગે તો અમલ ન થઇ શકયો, પરંતુ બ્રીટીશ સરકાર સાથે મોટો ભેદ પડયો, અને તેનું પરીણામ એ આવ્યું કે લડાઇને વખતે ટ્રાંસવાલમાં રહેતી બ્રીટીશ હિંદી પ્રજાનાં જે જે દુઃખો હતાં તે બાબતમાં રાહત આપવામાં આવશે એવું વચન આપવામાં આવ્યું.

રંગ દ્વેષ

ગોરા રહેવાશીઓને ખાતર ગોરમીટથી હિંદી મજુરોને નાતાલમાં લાવવામાં આવ્યા હતા અને તેને લીધે ત્યાં રંગ દ્વેષની ગંભીર લાગણી હિંદીઓ સામે જુદા જુદા રૂપમાં પ્રગટી નીકળી હતી; અને હિંદીઓને આવતાં અટકાવવા કેવા પ્રકારના કાયદા ઘડવા એ મુખ્ય સવાલ થઇ પડયો હતો. તે અરસામાં પ્રખ્યાત રાજ્યદ્વારી પુરૂષ મી. ચેમ્બરલેઇનની કોશીષથી જાતીભેદ વાળો કાયદો થતો તો અટકયો; પણ એક બીજો કાયદો ઘડવામાં આવ્યો જે ૯૭ નાં નાતાલ એકટને નામે જાહેર થયો છે. આ કાયદા અનુસાર કેળવણીની પરીક્ષા લઇ નવાં આવનારાઓને દાખલ કરવામાં આવતા હતા. તે કઇ જાતિનો માણસ છે તે જોવાતું નહીં. તે દિવસ થી નાતાલમાં તો કોમી કાયદા ઘડાવાનું બંધ રહ્યું, પરંતુ ટ્રાંસવાલમાં નવી તકલીફોનાં પ્રથમ ચિન્હો દેખાવા લાગ્યાં. ત્યાં આંગળા કાયદામાં સમાનતાનો સિદ્ધાંત સ્વીકારવામાં ન આવ્યો. કારણકે કેલરડ લોકોની બાબતમાં જુદીજ જાતની રાજનીતિ ધારણ કરવામાં આવી હતી.

બોઅર લડાઇ પછી

બોઅર લડાઇ પછી સુલેહ થઇ ત્યારે આશા રાખવામાં આવી હતી કે બ્રીટીશ હીંદી પ્રજાનાં દુઃખોનો બોજો કમતી કરવામાં આવશે. પરંતુ ધીકારવા લાયક કાયદાની સામે વડી સરકારે લડાઇ અગાઉ જે મજબુત વાંધો લેતી હતી તેજ સરકાર તે કાયદાઓનો અમલ કરવા પ્રયત્ન કરતી હતી, તે જોઇ હીંદીઓ વધારે દુઃખી થયા હતા. એવીજ રાજનીતિનો પીછળથી લોરડ સેલબોરને પણ બચાવ કર્યો હતો. પીસ પ્રીઝરવેશન ઓર્ડીનન્સથી હીંદીઓના આવવા પર અંકુશ મુકવામાં આવ્યો હતો. અને તે વખતમાં લડાઇ પહેલાંની અને પછીની સ્થિતિની સરખામણી નીચે પ્રમાણે આપવામાં આવી હતીઃ

સરખામણી

(બોઅર અમલમાં)	(બ્રીટીશ અમલમાં)
નામ નોંધામણીના પા. ૩ આપવાની ફરજ પડતી ન હોતી.	જો નામ નોંધામણીના પા. ૩ કોઈ નહીં આપે તો પા. ૧૦ થી ૧૦૦ સુધીનો દંડ તથા ૧૪ દિવસથી ૬ માસની સજા થતી.
લાઇસેન્સ વગર ટ્રાંસવાલ નો કોઇ પણ ભાગમાં વેપાર થઇ શકતો. ઘણા દાખલા એવા બનતા કે દરેક લાઇસેન્સ	જે લોક પાસે લડાઇ પહેલાં લાઇસેન્સ હતાં તેઓજ આગલી જગાએ વેપાર કરી શકે. નવું લાઇસેન્સ દરેક હોકેયન

ના પઇસા રજુ કરી વેપાર ચલાવતા; અને રક્ષણ બ્રીટીશ સરકારનું હતું.

ટ્રાંસવાલના કોઇ પણ ભાગ માં વગર હરકતે રહી શકતા, અને ખાસ રજા મેળવવાની વાતજ નહોતી.

મીલ્કત ખરીદી શકાતી, જો કે ગોરાને નામે.

લોકેશનમાં ૯૯ વરસને પટે જમીન મળી શકતી.

વગર હરકતે ટ્રાંસવાલમાં જવાતું.

પાસ ને પરમીટની ધાંધલ કરનારૂં એશીઆટીક ખાતું ન હતું.

બ્રીટીશ એલચીઓ એવું રક્ષણ કરતા કે કોઈના હક ડુબે નહીં.

સારજ મળતું.

સરકાર પાસેથી ખાસ રજા મેળવી ન હોય તેનાથી ફકત લોકેશનમાંજ રહેવાય. લોકેશન હવેથી બજાર કહેવાયું.

એમ બની શકતું નહીં.

એવી મળેલી જમીન લઇ લેવાનો ઠરાવ થયો અને હવે પછી લોકેશન કયાં કરશે અને જમીન લેવા દેશે કે નહીં એ કંઇ નકી ન હતું.

આગળના ટ્રાંસવાલના ખરા રહીશ (રેફ્યુજી) ને પણ અરજી કર્યા છતાં ત્રણ મહીના લગી દાદ મળતી નહોતી, તો નવા ની તો વાતજ શી!

આ ખાતાથી બહુ મુશી બતો કોમને પડવા લાગી.

બ્રીટીશ અમલદારોએ જેને લાઇસેન્સ આપેલાં તેવાને પણ વરસની આખરે દુકાન બંધ કરી લોકેશનમાં જવાનું થયું અને તેથી કોમને હજારો પાઉંડનું નુકસાન થતું હતું.

લોર્ડ મીલનરનાં રજીસ્ટર

૧૮૮૫ના ત્રીજા કાયદા મુજબ લોરડ મીલનરે ટ્રાંસવાલના દરેક હીંદીને ફરીથી રજીસ્ટર થવાનો આગ્રહ કર્યો. અને આખરે હીંદીઓના આગેવાનો સાથે એવી કબુલાત થઇ કે હીંદીઓ મરજીઆત રજીસ્ટર થાય. લોરડ મીલનરે ચોખ્ખી રીતે જણાવ્યું હતું કે આમ રજીસ્ટર થયા પછી ફરી રજી સ્ટર થવાનું નહીં રહે. અને જેઓને સર્ટીફીકેટ આપવામાં આવશે તેઓને ટ્રાંસવાલમાં જથુક વસવાના અને મરજી પડે તેમ આવવા અને જવાના હકો મળશે.

ઉપલી સ્થિતિને લીધે તથા ૮૫ ના કાયદાના કરડા અમલને લીધે ટ્રાંસવાલના હીંદી ભાઇઓએ સુપ્રીમ કોરટમાં કેસ લડવા જવાનું ઠરાવ્યું. તેમાં જડજોએ ઠરાવ આપ્યો કે હીંદીઓ તેમની મરજીમાં પડે ત્યાં વેપાર કરી શકે છે અને લોકેનશમાં ન રહેનારાઓને શીક્ષા થઇ શકતી નથી. આ નિર્ણયથી જે જે ગોરાઓ હીંદીઓની વિરૂદ્ધ હતા તેમને એક ફટકા સમાન લાગ્યું. સુપ્રીમ કોરટના આ નિર્ણયને ફેરવવા તેઓએ કાયદો કરવા પણ પ્રયત્ન કર્યો. પરંતુ તે વેળાના કોલોનીઅલ સેક્રેટરી લોરડ લીટલટનના વચ્ચે પડવાથી તેમ થતું અટકયું. પણ લોકોમાં વાત ફેલાઇ કે હીંદીઓ ખોટી રીતે મોટા જથામાં ટ્રાંસવાલમાં ધુસી જાય છે. બહાર પડેલા જુદી જુદી રીતે કરેલી ગણત્રીવાળા ખોટા આંકડાઓ ઉપરથી ગોરાઓની આ માન્યતા થઇ હતી, પણ જોહાન્સબર્ગ લોકેશનમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો તેને લીધે હીંદીઓ આખા ટ્રાંસવાલમાં વીખરાઇ ગયા હતા તે ઉપરથી તો આ માન્યતામાં વધારો થયો. ત્યાર પછી આખા ટ્રાંસવાલમાં સભાઓ ભરી ઠરાવ કરવામાં આવ્યા કે હીંદીઓના આવવા સામે બારણાં બંધ કરવાં. અને હીંદી ઓને લોકેશનમાં રહેવાની તથા વેપાર પણ ત્યાંજ કરવાની ફરજ પાડવી. હીંદીઓએ પોતાનાં દુઃખો બાબતમાં કમીશન થી અથવા તો કોઇ બીજી રીતે તપાસ કરવાની માગણીઓ કરીયે રાખી. પણ આવા કટાકટીના સમયમાં કોઇ પણ જાતની દાદ મળી નહીં અને છેવટે ૧૮૮૫ ના ત્રીજા કાયદા માં સુધારો કરવા ૧૯૦૬ નું ડરાફ્ટ ઓર્ડીનન્સ પસાર કર વામાં આવ્યું. તે કાયદા મુજબ આખી હીંદી કોમ–પુરૂષ સ્ત્રી અને છોકરાંઓ–ને ફરજીઆત ફરીથી રજીસ્ટર થવાનું હતું. સરકારના આ ઠરાવને ગોરાઓએ તો વધાવી લીધો પણ હીંદી કોમને તે એક બોમ્બના ધડાકાની પેઠે ચમકાવ નારો થઇ પડયો, કેમકે લોરડ મીલનરની તરફથી અપાયેલાં વચન–બાત્રીને– હજુ પુરાં પાંચ વરસ પણ વીત્યાં ન હતાં. પડોશનાં કોલોનીઓ તેમજ ત્યાંની ગોરી વસ્તી આ બધી હીલચાલ ઉપર ધ્યાન પુરવક નજર રાખતી હતી; કારણ કે ટ્રાંસવાલમાં જે રાજનીતિ ધારણ કરવામાં આવે તેવીજ રાજ નીતિ તેઓ એટલે કે પડોશનાં કોલોનીઓ પોતાની એશીઆ ટીક વસ્તીને માટે ધારણ કરવા ધારતી હતી.

છેવટના ઉપાય

કોમની સામે આમ વિપત્તિનું જે વાદળ ચડી આવ્યું હતું તેથી ભય પામી હીંદીઓના આગેવાનોએ બની શકે તો તેને અટકાવવાનાં પગલાં લેવાની તુરતજ શરૂઆત કરી, અને સરકારના જવાબદાર અમલદાર સાથે તેમણે એ વિષે વાત ચિત કરવાની તક મેળવી. પણ તે વાતચિતનું પરીણામ એટલુંજ આવ્યું કે તેમાંથી સ્ત્રીઓને મુકત કરી. છેવટના ઉપાય તરીકે લેજીસ્લેટીવ કાઉંસીલ આ ઓર્ડીનન્સ ઉપર વિચાર કરવાને બેઠી હતી તે સમયે હીંદીઓની એક મહાન સભા પોતાની લાગણી બતાવવાને મળી. પરંતુ કાઉંસીલની અંદર તો અગાઉથી ગોઠવણ કરી મુકેલી હતી તે પ્રમાણે બધું કારય બે કલાકમાં પુરૂં કરી દેવામાં આવ્યું. બીજી બાજુ થીએટરમાં હીંદીઓની ગંજાવર સભા સરકારની આ રાજ

Mr. and Mrs. Gandhi.
Taken in Johannesburg prior to their departure
for England, July, 1914.

Imam Abdool Cadir Bawazeer,
who, as Chairman of the Hamidia Islamic Society, did valiant service for the Passive Resistance cause, both inside and out of gaol. Now a Phœnix Settler.

Mr. L. W. Ritch,
the first Hon. Secretary of the South Africa British Indian Committee. Did yeoman service during the strike.

Mr. Sorabji Shapurji,
the first of the educated Passive Resisters to test the Transvaal Immigration Law.

Mr. V. A. Chettiar,
ex-Chairman of the Johannesburg Tamil Benefit Society. Suffered Imprisonment.

Mr. Ebrahim Ismail Aswat,
a thorough-going Passive Resister.

Mr. S. B. Medh,
who holds the record for length of imprisonment, having been eleven times in gaol as a Passive Resister and twice fasted for eight days as a protest against the gaol treatment.

Mr. Amod Moosa Bhyat,
who was one of the most aggressive of the Mahomedan Passive Resisters.

Mr. Pragji K. Desai,
a well-tried Passive Resister.

Mr. Harilal M. Gandhi,
Mr. Gandhi's eldest son, a persistent gaol-seeker.

Mr. Bhikji,
another Mahomedan Passive Resister.

Mr. Mahomed Ebrahim Kunke,
a stalwart Mahomedan Passive Resister, several times in gaol.



Mr. Moosa Essackji,
a well-known Passive Resister.

Mr. Fakira Bhika,
a staunch Passive Resister who suffered imprisonment at least eight times.

Mr. F. M. Sodha,
who took part in the early stages of the struggle.

Mr. U. M. Shelat,
a well known Passive Resister in 1908.

AN INTERLUDE.

Photo by] [B. Gabriel.

The above photo was taken between the provisional settlement of 1911 and the final settlement of 1914, at the house of Mr. I. A. H. Moosa, the treasurer of the Honourable Gokhale Reception Committee during Mr. Gokhale's visit to Durban.



Mr. Budree Ahir,
a staunch Hindustani Passive Resister, who suffered imprisonment last year.



The late Mr. Hajee Hoosen Dawad,
who, even on his death bed, was eager to suffer for the cause.

PIONEER SETTLERS OF TOLSTOY FARM.

Hanifa Bibi (Mrs. Shaikh Mehtab's Mother) who suffered three months' imprisonment as a Passive Resister

Miss Valiamina Moonsamy, Mrs. Mahabeer, Mrs. Veerasamy, Mrs. V. S. Naidoo, Mrs. Moonsamy, Mrs. V. S. Pillay, Mrs. Moonsamy Moodley
Spent three months in gaol.

THE 60 INDIANS DEPORTED TO INDIA BY THE TRANSVAAL GOVERNMENT.



Reproduced from the *Indian Review*, Madras.



MASS MEETING AT PRETORIA, 1907, WHERE INDIANS WERE ADVISED TO CEASE PASSIVE RESISTANCE AND RESOLUTELY REFUSED TO DO SO.

THREE BRAVE LADIES

Mrs. Sivprasad, Miss Minnatjee and Mrs. Somar, who went to gaol for the cause



South African Deportees at Madras

નીતિ સામે આવેશમાં સળગી ઉઠી હતી. આ રાજનીતિ લોરડ મીલનરે આપેલી ખાત્રીઓનો ભંગ કરતી હતી. હીંદી પ્રજા ઉપર કોઈ પણ જાતની સાબીતી સિવાય અને કદી ન સાંભળેલો દોષ મુકવામાં આવતો હતો અને કોલોનીમાંથી તેમજ આખરે દક્ષીણ આફ્રીકામાંથી હીંદીઓને કાઢી મુકી શકાય એવી સ્થિતિ આવતી હતી. હીંદીઓનો જુસ્સો એવો અપુરવ હતો કે જ્યારે

તે પ્રખ્યાત ચોથો ઠરાવ

જોહાનીસબરગની સભામાં ત્રણ હજાર હિંદીઓની સમક્ષ મુકવામાં આવ્યો કે આ કાયદો પસાર થાય તો જ્યાં સુધી તેને રદ કરવામાં ન આવે ત્યાં સુધી દરેક જણે તેને કબુલ ન રાખતાં જેલ જવું, ત્યારે એક મતે ત્રણે હજાર માણસો ઉભા થયા અને 'તે ઠરાવ અમારે કબુલ છે' એવા પોકારો પાડયા. ત્યાર બાદ આ ઝઘડો ન થાય તો સારૂં એવા હેતુથી વિલાયત ડેપ્યુટેશન મોકલવાની ગોઠવણ કરવામાં આવી. વડી સરકાર સાથે મસલત કરવા અને વિલાયતમાં જાહેર વિચાર ફેળવવા ડેપ્યુટેશન ત્યાં પહોંચ્યું. તેમની કોશીષનું પરીણામ એ આવ્યું કે ઓર્ડીનન્સ પર બાદશાહની સહી થવાનું મુલતવી રહ્યું તેમજ સા. આ. બ્રીટીશ ઈંડીઅન કમીટી સ્થાપવામાં આવી. સર મન્ચેરજી ભાવનગરીને તેના એકઝીકયુટીવ ચેરમેન અને લોરડ એમ્પથીલને પ્રેસીડંટ તરીકે નીમવામાં આવ્યા હતા. આ કાયદાને મુલતવી રાખવામાં આવ્યો, પણ તે થોડા સમયનેજ માટે હતું; કારણ કે આ પગલું સ્વરાજ્ય ભોગવતાં બ્રીટીશ કોલોનીમાં હાથ નાખવા જેવું ગણાતું હતું. યુરોપીઅન વસ્તીએ એ ઓર્ડીનન્સને કાયદાનુ રૂપ આપવા ગુસ્સા પુરવક માગણી કરી. તેથી ટ્રાંસવાલની નવી પાર્લામેંટનું પહેલું કામ એ થયું કે આ ઓર્ડીનન્સને સર્વાનુમતે પાર્લામેંટમાં પસાર કરી દીધું. હીંદીઓના મત અને વિરૂદ્ધતાની લેશ પણ દરકાર કરવામાં ન આવી અને તેઓની લાગણીને ધ્યાનમાં લેવાની કોઇએ જરૂર પણ ન જોઈ.

લડત શરૂ થઈ

હવે લડત ચાલુ કર્યા વગર છુટકોજ ન હતો. પણ હજુ લડત ન લેવી પડે તો ઠીક એવા હેતુથી હીંદી આગેવાનોએ પાર્લામેંટને વિનતી કરી કે બીલનું કારય આગળ ન ચલાવો તો સારૂં અને અમે મરજીઆત ફરીથી રજીસ્ટર થઇશું તથા તે કારય પુરૂં કરવા બનતી મદદ આપીશું. આ માગણી ઉપર પણ બીલકુલ ધ્યાન દેવાયું નહીં. અને છેવટે હીંદીઓને આ લડત શરૂ કરવાનો દિવસ આવી ઉભો.

નવો કાયદો નિષ્ફળ ગયો

૧૯૦૭ના જુલાઇ માસમાં નવા કાયદાનો અમલ શરૂ થયો. અને લોકોએ કાયદેસર રજીસ્ટર થવું જોઇએ. એવી ખબરો બહાર પડી. રજીસ્ટર કરવા સારૂ સરકારી અમલદારો ટ્રાંસવાલમાં એક શહેરથી બીજે શહેર મુસાફરી કરવા લાગ્યા. પણ રજીસ્ટર કરવાના તેના પ્રયત્નો નિષ્ફળ ગયા અને સરકારે રજીસ્ટર થવાની મુદત પુરી થઇ હતી તેમાં બીજે વધારો કર્યો; અને કાયદાને શરણે થવાની એ છેલ્લી તક આપી છે એમ જાહેર કરયું. પરંતુ ૯૫ ટકા હીંદીઓ પોતે લીધેલા સોગનને વળગી રહ્યા. દરમીઆન આ મુશ્કેલીનો કોઇ રસ્તે પણ નીકાલ આવે એવા હેતુથી ફરી પાછો કોઇ માર્ગ શોધવાની તજવીજ કરી અને ત્રણ હજાર હીંદીઓની સહીથી એક જંગી અરજી સરકારને પહોંચાડવામાં આવી. તેમાં જણાવવામાં આવ્યું હતું કે હીંદી કોમને અત્યંત દુઃખો સહન કરવાં પડશે અને તે ન કરવું પડે એટલા ખાતર પણ કાયદાને મુલતવી રાખવામાં આવે તો હજુ મરજીઆત રજીસ્ટર થઇએ. આ અરજીને પણ ટોપલીમાં ફેંકી દેવામાં આવી, અને વરસની આખરીએ કેટલાક આગેવાનોને પકડવામાં આવ્યા, દેશ છોડી ચાલ્યા જવાનો હુકમ કરવામાં આવ્યો અને તમ નહીં કરનારને જુદી જુદી મુદત સુધી કેદખાનામાં પુરવામાં આવ્યા. દરેક જાતિના સેંકડો હીંદીઓને જેલમાં વારંવાર પુર્યા કીધા. આમ કેટલીક મુદત સુધી ચાલ્યું.

સમાધાની

કોમને છુંદી નાંખવાનો પ્રયત્ન તદન નિષ્ફળ ગયેલો જોઈ સરકારે મી. આલ્બરટ કારટરાઇટ–'ટ્રાંસવાલ લીડર' પત્રના અધીપતિ–મારફત સલાહ કરવાની વાત ઉપાડી. તેનું પરીણામ એ આવ્યું કે,–અને એજ સમયે મુંબઇમાં નામદાર આગાખાનના પ્રમુખપણા નીચે એક ગંજાવર સભા મળી હતી, –એક કરારનામા ઉપર સહી કરવામાં આવી કે જેની રૂયે સત્યાગ્રહની લડત મુલતવી રાખવામાં આવે અને ત્રણ માસની મુદતની અંદર મરજીઆત રજીસ્ટર થવાનું હીંદી કોમ માથે લે અને તેટલા સમયમાં કાયદાનો અમલ ન કરવામાં આવે. રજીસ્ટર થવાનું કામ જો સંપુર્ણ રીતે પાર પડી જાય તો તીરસ્કારને પાત્ર થઇ પડેલો કાયદો રદ કરવામાં આવે એવું કોલકરારનાં કાગળીઆં પર સહી કરનારાઓ ચોખ્ખું સમજ્યા હતા. દરમીઆન એક ઇમીગ્રેશન કાયદો પસાર કરવામાં આવ્યો.

જાતીભેદ વાળો કાયદો

નવો થએલો ઇમીગ્રેશન કાયદો અને એશીઆટીક લો એમેંડમેંટ કાયદો આ બન્નેના ભેળા અમલથી એવી સ્થિતિ આવી પડતી હતી કે ગમે તેવો ઉંચી કેળવણી પામેલો હીંદી પણ ટ્રાંસવાલમાં કાયદેસર દાખલ ન થઇ શકે અને મી. ચેમ્બર લેને જાતી ભેદવાળા કાયદા ન ઘડવાની રાજનીતિનું જે રક્ષણ કરયું હતું તેનો આ પ્રમાણે કલમના એક ચેરાથી નાશ કરવામાં આવ્યો કોમને તેમ છતાં ખબર હતી કે જો કાયદો રદ કરવામાં આવે તો જે જાતી ભેદ છે તે તરત દુર થાય

અને તે કેમ દુર કરાવવો તેને માટે સરવ પ્રયત્નો થવા લાગ્યા. પ્રથમ મરજીઆત રજીસ્ટર થવાનું કામ ફરીથી શરૂ કરવું. પણ શરૂઆત થઇ કે તુરતજ મી. ગાંધીને કેટલાક હીંદી ભાઇઓ તરફથી સખત માર પડયો. થોડા સમયે સુધી તો સ્થિતિ બધી ગુંચવાડા ભરેલી લાગી. પરંતુ કોમને ખાસ વિનંતી કરવામાં આવી; વળી કાયદો રદ થવાનો છે એ વચન આપવામાં આવેલું તેથી, અને ગયેલો વિશ્વાસ પાછો આવવાથી મરજીઆત રજીસ્ટર થવાનું કામ ફરીથી શરૂ થયું. અને મે માસની અધવચમાં તે પુરૂ થઇ ગયું. લોરડ સેલ બોરને પોતે આ બાબતનો સંતોષ જાહેર કર્યો.

બીજી વખતની લડત શરૂ થઇ

મરજીઆત રજીસ્ટરનું કામ પુરૂં થઇ રહ્યા બાદ સલાહના કોલ કરાર પાળવાનું સરકારને કહેવામાં આવ્યું. પરંતુ કાયદો રદ કરવાનું વચન આપવામાં આવ્યું છે એ સાચી વાત નથી એમ જણાવવામાં આવ્યું. આ ખબર મળ્યા કે તુરતજ વળી હીંદી કોમમાં મોટો ખળભળાટ થઇ રહ્યો. સરકારે જણાવ્યું કે અમુક હીંદીઓને બાધીત ગણવા દેવામાં આવે અને ઇમીગ્રેશન કાયદામાં જાતી ભેદ રહેવા દેવામાં આવે તો તે કાયદો રદ કરવા તૈયાર છે. કુદરતી રીતેજ, આના જવાબમાં હીંદીઓએ ચોખ્ખી ના પાડી દીધી અને સત્યાગ્રહની લડત ફરીથી શરૂ કરવા હીંદી પ્રજા તૈયાર થઇ ગઇ. ઇમીગ્રેશન કાયદો મુજબ મી. સોરાબજી શાપુરજી અડા જણીઆ, નાતાલના એક કેળવાએલા પારસીને કેદખાનામાં એક માસ પુરવામાં આવ્યા અને એ પ્રમાણે જાતી ભેદની સામે વિરૂદ્ધતા દર્શાવવામાં આવી.

નાતાલથી મદદ

આ વખતે નાતાલના આગેવાનો ટ્રાંસવાલમાં પોતાના દેશી બંધુઓની સાથે લડાઇમાં જોડાવા દાખલ થયા. તે લોકોને બાધીત તરીકે પકડવામાં આવ્યા અને તેઓને દેશ છોડી ચાલ્યા જવાની હુકમ કરવામાં આવ્યો. જોહાનીસબરગમાં એક ગજવર સભા મળી હતી; અને સમાધાની પછી જે મરજીઆત રજીસ્ટરો લેવામાં આવ્યા હતા તેમાંના સેંકડો રજીસ્ટરો હજારો માણસ સન્મુખ આ સભામાં બાળી નાખવામાં આવ્યાં, અને એમ કરી જે માણસને પકડવા હોય તેને પકડો એવી સરકાર સામે હેડ કરી. આ સ્થિતિ જોઇ સરકાર ચમકી ગઇ અને સરકારના આગેવાન સભાસદોની એક કોન્ફરન્સ પ્રીટોરીઆમાં મળી. તેમાં હિંદી તથા ચીના એઓના આગેવાનોને બોલાવવામાં આવ્યા અને મી. આલબરટ કારટરાઇટ મધ્યસ્થ તરીકે રહ્યા. પણ તે કોન્ફરન્સથી કંઇ દહાડો વળ્યો નહિ; કેમકે સરકારે જો કે અગાઉની સ્થિતિમાં થોડો સુધારો કરવાનું જણાવ્યું, પણ ખુની કાયદો રદ કરવાની અથવા તો ઇમીગ્રેશન કાયદામાંથી જાતિ ભેદ દુર કરવાની ચોખ્ખી ના પાડી. આ વખતે એક સુધારેલો કાયદો પારલામેંટમાં પાસ કરવામાં આવ્યો. કેટલીક બાબત માં હિંદીઓની સ્થિતિ તેમાં ઠીક રહેતી હતી, પણ મુખ્ય રીતે જોતાં તે પણ અસંતોષકારક હતો. સત્યાગ્રહીઓએ તે કબુલ ન રાખ્યો અને લડાઇ ફરી પાછી પુરજોસમાં શરૂ થઈ.

હીંદુસ્તાનમાં દેશપાર થયા

આ નવા કાયદાથી હિંદીઓને દેશપાર કરવા સરકારને સત્તા મળી. પ્રથમ સત્યાગ્રહીઓને દ, આફ્રીકામાંજ દેશપાર કરવામાં આવતા હતા. આ બીજી લડત સમયે બનેલા કેટલાક ખાસ બનાવો ટુંકમાં નીચે મુજબ છેઃ ટ્રાંસવાલની સરકારે ડેલાગોઆબેની પોરટુગીઝ સરકાર સાથે હિંદીઓને હિંદુસ્તાન દેશપાર કરવાનો બંદોબસ્ત કરયો હતો અને સેંકડો જુના રહીશોને ડેલાગોઆબેને રસ્તે થઇ દેશપાર કરવામાં આવ્યા હતા. તેમજ હકદાર રહેનારાઓ ડેલાગોઆબે થઇને ટ્રાંસવાલમાં આવી શકતા હતા તે રીતને પોરટુગીઝ સરકારે અટકાવી હતી. કેટલાક ટેસ્ટ કેસો સુપરીમ કોરટમાં લાવવામાં આવ્યા હતા, તેમાંથી કેટલાકમાં જીત મળી હતી અને કેટલાકમાં હાર થઇ હતી. કાયદાને શરણે ન થવા, ખાતર અને પોતાનું માન તેમ સોગંદ પાળવા ખાતર મી. એ. એમ. કાછલીઆને નાદાર થવું પડયું હતું, હજારો હિંદીઓને વારા ફરતી પકડી પકડીને જેલમાં પુરવામાં આવતા હતા; હિંદુસ્તાન ની પ્રજાને અરજો ગુજારવામાં આવી હતી અને ત્યાં આવી અંધેર ભરેલી રાજનીતિ સામે વિરૂદ્ધતા બતાવવા ઠેકાણે ઠેકાણે મહાન સભાઓ ભરવામાં આવી હતી. નાતાલે પઇસા ની ઘણી મદદ કરી હતી. દ. આફ્રીકાના હિંદીઓમાં દરેક જગ્યાએ મહાન જુસ્સો પ્રગટી નીકળ્યો હતો. લંડનમાં લોરડ એમ્પથીલની કમીટીનો મહાન પ્રયાસ ચાલુ હતો. લડાઇ વિષે વિલાયતના છાપાઓમાં લખાણો આવ્યા કરતાં હતાં અને ટ્રાંસવાલના છાપાઓમાં સામસામી જબરજસ્ત ચરચા ચાલી રહી હતી આ વખતે ટ્રાંસવાલના ગોરાઓએ અમુલ્ય મદદ આપી હતી અને પાછળથી

ગોરાઓની કમીટી સ્થપાઇ.

તેના પ્રમુખ મી. વીલીઅમ હોરકેન નીમાયા હતા. તે કમીટીએ લંડન 'ટાઇમ્સ' પત્રના ઉપર જાહેર પત્ર લખ્યો હતો. વળી તેજ અરસામાં રોડેશીઆ તેમજ નાતાલમાં હિંદીઓ વિરૂધ્ધ કાયદાઓ ઘડાયા; પણ તેની સામે સખત પોકારો થવાથી તેમજ ટ્રાંસવાલની સત્યાગ્રહની લડાઇનો કડવો અનુભવ હજી સરકારને મળતોજ હોવાથી તે બંને કાયદાને વડી સરકારની મંજુરી ન મળી. ખુની કાયદા સામે વિરૂધ્ધતા બતાવવા તથા અપાયેલાં વચન પળાવવા જોહાનીસબરગમાં તેમજ દ આફ્રીકાના એકથી બીજા છેડા સુધીમાં દરેક જગ્યાએ હિંદીઓની ગજવર સભાઓ મળ્યા કરતી હતી.

હીંદી સ્ત્રીઓ

હિંદી સ્ત્રીઓને પણ આ સમયે મહાન ધીરજ બતાવવાની હતી. તેઓની પણ આ કાંઇ સમયમાં કસોટી થઇ અને તેમાં તેઓ ઝળકી નીકળી. પોતાનાં ઘરબારનું શું થશે તથા તેઓનું ભરણ પોષણ કોણ કરશે તેનો તેઓએ વિચાર સુધ્ધાં ન કરતાં એટલુંજ નહિં, પરંતુ પોતાના પતિને ઉલટી લડાઇમાં ઉત્સાહિત કરવા લાગી. કેટલીક સ્ત્રીઓએ પોતાના પતિની દુકાન સાચવવાની પણ જવાબદારી ઉઠાવી હતી. બીજી તરફથી સત્યાગ્રહીઓને જેલમાં અમલદારોએ દુઃખ આપવામાં કચાશ રાખી નહતી. તેમનો જુસ્સો તોડી પાડવાને જેમ જેમ અમલદારોએ કડક વરતણું કે બતાવી અને ડીપકલુક જેવી મહાન સખત જેલનો કડવો અનુભવ શીયાળાની કડકડતી અને અસહ્ય ઠંડીમાં દેવા લાગ્યા તેમ તેમ તેઓનો જુસ્સો વધવા લાગ્યો. તેમાંથી તેઓ શુધ્ધ કંચનની પેઠે તવાઇ વધારે ચળકવા લાગ્યા; અને તેમાં પણ તામીલોએ તો હદ કરી. લડત જેમ જેમ એક એક પગ થીયું ચઢતી ગઇ તેમ તેમ તેનું સ્વરૂપ વધારે ગંભીર થતું ગયું, લોકો વધારે ચોખ્ખી રીતે સમજવા લાગ્યા કે આ ખરૂં ધારમીક યુધ્ધ છે, લોકોમાં હિમત વધતી ગઇ અને છેવટે ફતેહ તો છેજ એવી માન્યતા દ્રઢ થવા લાગી. આ સંસ્કાર બનાવોથી સંસાગ્રહની લડાઇની ખરેખરી ઝળકી ઉઠી અને તેનો મહિમા દેશ પરદેશમાં ગવાવા લાગ્યો.

હીંદુસ્તાન અને ઇંગ્લાંડનાં ડેપ્યુટેશન

૧૯૦૯ ની અધવચમાં આ હિલચલને એક નવીન જીવન મળ્યું. તે વેળા બે પ્રતિનિધિ મંડળો, એક હિંદુસ્તાન અને એક વિલાયેત મોકલવા તયૈયાર કરવામાં આવ્યાં. આ મંડળના પ્રતિનિધિઓ ઉપડી જવાની તયૈયારીમાં હતા તેજ સમયે સરકારે તેમને પકડયા અને જેલમાં પુરયા. આમ છેવટની ઘડીએ તેઓને પકડવાનો સરકારનો હેતુ એજ હતો કે હિંદુસ્તાન અને ઇંગ્લાંડમાં કોલોનીઓના રાજ્ય કારભાર સામે પોકાર થતો અટકે. પરંતુ લોકોએ તો પ્રતિનિધિ મંડળોને મોકલવાનોજ ઠરાવ કરયો હતો અને તે પ્રમાણે બંને જણા એ તે ગયાં. ઇંગ્લાંડમાં આ સવાલ ઉપર તે વેળા બરાબર ધ્યાન અપાતું હતું. યુનીઅન ઓફ સાઉથ એફ્રીકાના કાયદા બાબત ટ્રાંસવાલના પ્રધાનો જ્યારે ત્યાં આગળ હતા ત્યારે આ સવાલનો ફડચો આણવા વડી સરકાર તરફથી પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પરંતુ જનરલ સ્મટસે દુરાગ્રહ ધારણ કરયો હતો. તેણે કાયદામાંથી જાતી ભેદ દુર કરી એક સામાન્ય કાયદો કરવાની નાજ પાડી. આથી પ્રતીનીધી મંડળ વિલાયતથી પાછું આવ્યું. તેણે આ સવાલને જાગ્રત રાખવા તથા લડતને પઇસાની મદદ કરવા ત્યાં કેટલાક ઉત્સાહી કામ, કર નારાઓને મોકલ્યા કરયા. તેમજ ત્યાં જરૂર કામ ચલાવ્યું.

હીંદુસ્તાનની મદદ

નાતાલના જેલમાંથી છુટયા પછી તેનું કરૂણ ઉપજાવે એવું મરણ થયું ત્યાર બાદ પ્રતીનીધી મંડળ જુદીજ સ્થિતિમાં હિંદુસ્તાને ગયું. તે પ્રતીનીધી મંડળમાં મી. પોલાક હવે એકલાજ રહ્યા હતા. તેમણે મી. ગોખલેની મદદ લીધી, સરવન્ટસ ઓફ ઇન્ડીયા સોસાયટીએ દેશમાં દરેક ઠેકાણે સભાઓ બોલાવવાની ગોઠવણ કરી અને મુંબઇથી રંગુન તેમ જ મદ્રાસથી લાહોર સુધીમાં ઘણી જગ્યાએ સભાઓ મળી. હિંદી પ્રજામાં મહાન ઉત્સાહ પ્રગટી નીકળ્યો હતો અને દ. આફ્રીકાનાં દુઃખ સહન કરતા સ્વદેશી બંધુઓ માટે સ્વદેશા ભિમાની ભરેલી મેગરૂરી જાગ્રત થઇ હતી, અને ઉદાર નર રતન તાતાનો દીખલો લઇ પઇસા એકઠા કરવામાં આવ્યા હતા. લડતને ચાલુ રાખવા અને તેને મજબુત બનાવવા પા. દશ હજાર જેટલો ફાળો થયો હતો; અને તેમાં રાજે રજવાડાંએ પણ ઉદાર રીતે પઇસા ભરયા હતા. હિંદની પ્રજાએ વડી સરકારને વચ્ચે પડવા માગણી કરી. કેલેકત્તાની ઇમ્પીરીઅલ કોઉંસીલમાં મી ગોખલે એ નાતાલમાં મોકલેવામાં આવતી ગીરમીટીઆ મજુરી બંધ કરવાનો ઠરાવ મુકયો. સરકારે આ ઠરાવ કબુલ રોખ્યો. જ્યારે તેર માસ સુધી આ પ્રમાણે હિલચાલ ચાલુ રહી અને લોકોને આ સવાલનું બરોબર જ્ઞાન થયું ત્યારે વિલાયતની સરકારનું કાંઇક ધ્યાન આ સવાલ તરફ ખેચાયું. સંસાગ્રહીઓને હિંદુસ્તાન દેશપાર કરવામાં આવતા હતા તે સામે સખત ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. અને હીંદુસ્તાનની સરકારના આગ્રહથી વડી સરકાર આખરે વચ્ચે પડી અને દેશપાર કરવાનું આખરે બંધ રાખવામાં આવ્યું. દેશપાર થયેલાઓ દ. આફ્રીકા પાછા આવ્યા. પરંતુ તેમાંના એક નારાયણ સ્વામીનું ડેલાગોઆબે માં મૃત્યુ થયું. તેને કોઇ પણ જગ્યાએ બ્રીટીશ પ્રાંતમાં ઉતરવા દેવાની ગેરકાયદેસર ના પાડવામાં આવી હતી.

દક્ષીણ આફ્રીકાનું યુનીઅન

ત્યાર બાદ ચારે કોલોનીઓ એકત્ર થયાં; અને તેને દક્ષિણ આફ્રીકાનું યુનીઅન, એવું નામ અપાયું. વડી સરકારને ખાત્રી થઇ હતી કે હીંદીઓની માગણી ન્યાય પુરવકની છે. એટલે આ નવી સ્થિતિનો લાભ લઈ વડી સરકારે યુનીઅન સરકારને ૧૯૧૦ ના અકટોબરમાં નીચે મુજબ રજુઆતો કરી. તેમાં ૧૯૦૭ નો ખુની કાયદો રદ કરવાની સખત ભલામણ કરી હતી. કોયદામાંથી જાતીભેદ દુર કરવો અને કેળવાએલા અમુક હીંદીઓને દર વરસે કામની જરૂરીઆતને માટે દાખલ થવા દેવા. તેમાં એમ પણ દર્શાવવામાં આવ્યું હતું કે આ સવાલનો નીવેડો લાવતાં બીજા પ્રાંતના હીંદીઓના હકને નુકશાન લાગવું ન જોઇએ. યુનીઅનના પ્રધાનો આ બાબત સાથે મળતા થયા અને આખરે ૧૯૧૧ માં

ઇમીગ્રેશન બીલ

'યુનીઅન ગેઝેટ'માં બહાર પડયું. લાંબી મુદત સુધી જે લડત ચાલી હતી તેનું સમાધાન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો; પણ આ નવા કાયદાથી એ હેતુ ખુલ્લી રીતે પાર ન પડયો. છોકરાઓના હક સાચવવાની કલમ રહેવા દઇ ખુની કાયદો રદ કરવામાં આવ્યો પરંતુ નવા કાયદામાં જાતી ભેદ દુર કરવામાં ન આવ્યો એટલુંજ નહિ, પણ યુનીઅન બીલ થવાથી જાતી ભેદ ઉલટો વધ્યો. ટ્રાંસવાલના હીંદીઓ ના હક ખુંચવાઇ જતા હતા; તેમજ બીજા પ્રાંતોના હકો પણ ખુંચવી લેવામાં આવ્યા. આ સામે હીંદીઓએ એકત્ર થઇ પોકારો ઉઠાવ્યા. સરકાર સાથે ફરીથી લખાણો શરૂ થયાં અને આગેવાનોએ એવી સુચના કરી કે માત્ર ટ્રાંસવાલનેજ લાગુ પડે એવું બીલ ઘડવું પણ એ સુચના સ્વીકારવામાં ન આવી. આખરે એ બીલ પારલામેંટમાં પાસ ન થઇ શકયું. અને પ્રોવીઝનલ સેટલમેંટની ગોઠવણ થઇ તે મુજબ લડતને મુલતવી રાખવાનું ઠરયું અને સરકારે ૧૯૧૨ ની પારલામેંટ માં બીજું બીલ દાખલ કરવાનું વચન આપ્યું. આ વચન પ્રમાણે ૧૯૧૨ માં એક બીલ દાખલ કરવામાં આવ્યું. તેની સ્થિતિ પણ આગલા વરષના બીલ જેવીજ થઇ. અને પ્રોવીઝનલ સેટલમેંટની મુદત એક વરસની વધારી લડતને ફરી મુલતવી રાખવામાં આવી.

દક્ષીણ આફ્રીકામાં મી. ગોખલે

આ વખતે માનવંતા મી. ગોખલે આ દેશમાં હીંદી ઓનાં દુઃખો પોતાની નજરે જોવા આવ્યા. તેમની યાદ ગાર મુલાકાત હજી આપણા સરવના મગજમાં તાજીજ છે. યુનીઅન સરકાર સાથે હીંદી સવાલ ઉપર તેમણે મસલત ચલાવી. તેમના રાજદ્વારી બુધ્ધી ચાતુરય અને મધ્યમતા માટે સામો પક્ષ પણ તેમનાં વખાણ કરતો હતો. આ મુલાકાત વખતેજ યુનીઅન સરકારે પા. ૩ નો કર રદ કર વાનું તેમને વચન આપ્યું હતું અને તે સમાચાર તેમણે જાહેર રીતે પોતાના સ્વદેશી બંધુઓને પણ જણાવ્યા કે હીંદી સરકારે ગીરમીટ હવે બંધ કરી છે એટલે

પા. ૩ નો કર

રદ કરવાનું યુનીઅને વચન આપ્યું છે. ૧૯૧૩ માં પારલા મેંટમાં દાખલ કરવા એક બીલ બહાર પાડવામાં આવ્યું. આ બીલથી પણ હીંદી આગેવાનોને સંતોષ થયો નહતો. કાયદા માં રંગ ભેદ રહી જતો હતો તેમજ જસ્ટીસ સરલના ચુકા દાથી બધાં હીંદી લગ્નો ગેર કાયદેસર ઠરતાં હતાં. સરકારને દરશાવવામાં આવ્યું કે જો તે શાંતિજ ઇચ્છતી હોય તો કાયદામાંથી જાતિભેદ દુર કરવો જોઈએ અને એક ઓરતી હીંદી લગ્ન કાયદેસર ઠરાવવાં જોઇએ. આ પ્રમાણે બીલ પાસ કરવામાં આવે તોપણ જ્યાં સુધી પા. ૩ નો કર રદ ન કરવામાં આવે ત્યાં સુધી સત્યાગ્રહીઓને સંતોષ થાય એમ નહતું. લડાઈ ફરીથી શરૂ ન કરવી પડે તેટલા ખાતર હીંદી આગેવાનોએ સરકારની સાથે ફરી પાછાં લખાણો શરૂ કરયાં. અને બીજા વરસની પારલામેંટમાં હીંદીને સંતોષ થાય એવું બીલ દાખલ કરવાની માગણી સરકાર પાસેથી કરવામાં આવી. આ સમયે જોહાનીસબરગમાં ગોરાઓએ હડતાલ પાડી હતી. મી. ગાંધીએ તેવે સમયે હીંદી સવાલની બાબતમાં સરકારને તકલીફ આપવાનું મોકુફ રાખ્યું. દરમીઆન એક પ્રતિનિધિ મંડળ વિલાયત મોકલવામાં આવ્યું. તેણે હીંદીઓની સરવ વાજબી માગણીઓની બ્રીટીશ પ્રજા આગળ રજુઆત કરી. આ પ્રતિનિધિ મંડળ ખાસ મી. ગોખલેની માગણીથી ત્યાં ગયું હતું. મી. ગોખલે તે વખતે વિલાયતમાં હતા. ત્યાં કરેલી બધી મહેનતો પણ ફોકટ ગઇ. યુનીઅન સરકારે પોતાનો દુરાગ્રહ છોડયો નહિ, એટલે સરકારને

છેલ્લી ચેતવણી

મોકલી દેવામાં આવી કે જો એક ઓરતી હીંદી લગ્નોને કાયદેસર ન ઠરાવવામાં આવે, ફ્રી સ્ટેટ સંબંધી કાયદામાંથી જાતિભેદ દુર ન કરવામાં આવે, દ. આફ્રીકામાં જન્મેલા હીંદીઓના કેપમાં દાખલ થવાના હકો જાળવવામાં ન આવે, પા. ૩ નો કર રદ કરવામાં ન આવે, અને કાયદાઓનો અમલ નરમાશથી અને ન્યાયથી કરવામાં ન આવે તો સત્યા ગ્રહની લડત તરતજ શરૂ કરવામાં આવશે. આ ચેતવણીની દરકાર કરવામાં આવી નહિ અને લડત અગાઉના કરતાં બહોળા વિસ્તારથી ફરીથી ૧૯૧૩ ના સપ્ટેમ્બરમાં શરૂ થઈ.

છેલ્લી લડત

આ ત્રીજી અને છેલ્લી લડતમાં બનેલા બનાવો હજી લોકોના મનમાં તાજાજ છે એટલે તેની સંપુરણ વિગત અત્રે બતાવવાની જરૂર નથી, તો પણ થોડી હકીકત અત્રે જણાવવી જોઇએ. સરકારની ઉશ્કેરણીથી સુપ્રીમ કોરટે જે ચુકાદો લગ્નના સંબધમાં આપ્યો હતો તેથી હીંદી સ્ત્રીઓમાં ભારેજ ખળભળાટ થયો અને તેઓ પણ લડતમાં સામેલ થવા તઇયાર થઇ. બીજી તરફથી નાતાલમાં બધી જગ્યાએથી ગીરમીટીયા ઉઠયા, અને તેમણે મહાન હડતાલ પાડી. તેઓની હજારો સંખ્યા ટ્રાંસ વાલ જવા ઉપડી. તેમને પકડી ખાણોમાં પાછા કામે મોકલ વાને સખત અને ગેરકાયદેસર પગલાં લેવાયાં, ખાણોને જેલ તરીકે જાહેર કરવામાં આવી, ને આ ગરીબડા મજુરોને છુંદી મારવાને ત્રાસદાયક બનાવો બનવા લાગ્યા. મુખ્ય આગેવાનો ને પકડી પકડી જેલમાં પુર્યા. સેંકડો અને પાછળથી હજારો હીંદીઓ જેલમાં પુરાયા. આ વખતની

જેલોનો વૃતાંત

એટલો મોટો છે કે તે ઇતિહાસનાં કેટલાંએક પ્રકરણ રોકે તેમ છે. જબરજસ્તીથી કઢાવાએલા શીતળા, ઘીને માટે લેવાએલી લડત, ડરબન જેલમાં ઉપરા ઉપરી થયેલા અપવાસો અને મરહુમ હરબતસીંહનું જેલમાં થએલું મરણ–આ બધા બનાવોથી આજથી બાર માસ ઉપરના યાદગાર દિવસો મીશ્રીત લાગણીઓ સાથે સત્યાગ્રહીની નજર આગળ ખડા થાય છે. નાતાલની બધી જેલો તો એટલી ખીચોખીચ ભરાઇ ગઇ કે મારીત્સબરગ ખાતેની જેલની અંદરના ચરચનો તથા ડરબન ખાતે વિશાળ શો ગ્રાઉંડ એટલેકે મેળાની જગ્યા નો ઉપયોગ સેંકડો સત્યાગ્રહી કેદીઓને બંધ રાખવા માટે કરવો પડયો. જેઓ જેલની બહાર હતા તેઓએ ડરબન, જોહાન્સબર્ગ, મારીત્સબરગ અને યુનીઅનના બીજા અનેક ભાગોમાં અસંખ્ય સભાઓ ભરી, અને બીજી ઘણી રીતે મદદ કરી હતી.

હીંદુસ્તાન ગાજયું

આ લડતના વખતે હીંદુસ્થાનમાં તો હદ વળી. તે મહાન દેશભકત નર ગોખલેએ આપણું દુખ પોતાનું કરી લીધું. પાટનગરો મુંબઇ કલકતા અને મદ્રાસમાં તેમજ ગામે ગામ સભાઓ મળી. ચકલે ચકલે સત્યાગ્રહની વાતો ચાલી. છાપાઓ આપણી લડતના હેવાલથી ભરાયા. મોટાં ઉઘરાણાં શરૂ થયાં અને તેમાં તવંગર અને ગરીબ, પુરૂષ સ્ત્રી અને છોકરાઓએ પઇસા ભર્યા. હરદ્વાર ગુરૂકુલ આદી નિશાળના નિશાળીઆઓએ વ્રત ને મજુરી કરી પઇસા બચાવ્યા ને તે સત્યાગ્રહીઓની મદદના ફાળામાં મોકલ્યા. અંતમાં મદ્રાસ ખાતેના ભાષણમાં હીંદી વાઇસરોય લોરડ હારડીંગે જયારે હીંદી પ્રજાની જાહેર લાગણી દરશાવી ત્યારે લોકોના મન કાંઇક શાંત થયા અને દાદ મળશે એવો થોડો વિશ્વાસ પણ આવ્યો. બીજી તરફથી વિલાયતમાં લોરડ એમ્પથીલ અને તેની કમીટી તેવો જ પ્રયાસ કરી રહી હતી. હીંદી વાઇસરોયે

કમીશન

ની માગણી કરી અને છેવટે સ્થિતિ એવી આવી પડી કે વડી સરકારને વચ્ચે પડવું પડયું. કમીશન તો નીમાયું પણ તેથી દાદ મળે એવી બહુ આશા રાખી શકાય તેમ નહતું; કેમકે તેમાંના ત્રણમાંથી બે ગ્રહસ્થો હીંદી વીરૂદ્ધની લાગણી બતાવ નારા હતા એવું હીંદીઓએ અગાઉના અનુભવે જોયેલું હતું. આ વખતેજ સરકારે હીંદી આગેવાનોને જેલની મુદત પુરી થયા પહેલાં છોડી મુકયા. તેમણે પણ કમીશન કબુલ ન રાખી શકાય એવું છે તેમ સલાહ આપી. અને સંતોષકારક દાદ ન મળે તો ૧૯૧૪ ના નવા વર્ષની પ્રભાતે ડરબનથી મોટી કુચ ઉપાડવાની ગોઠવણો થઇ, અને સરકારને તેની ખબર પણ અપાઇ ગઇ. પણ તેવામાં હીંદુસ્થાનથી મી. એંડરૂસ અને મી. પીઅરસન નીકળી ચુકયાના ખબર મળેલા અને વાઇસરોય ના પ્રતીનીધી સર બેંજમીન રોબરટસન મુંબઇથી ખાસ સ્ટીમરમાં ઉપડયા. તેઓ ડરબન આવે ત્યાં સુધી મારચ શરૂ કરવાનું કામ થોભાવવાનું નકકી થયું. તેઓ આવ્યા અને વિષ્ટીનું કામ શરૂ થયું. કમીશને પણ પોતાનું કામ શરૂ કરયું, પણ હિંદીઓ પોતે લીધેલા સોગનથી કેમ ચળી શકે ? કમીશન સન્મુખ જુબાની આપવાની તેઓએ ચોખ્ખી ના પાડી. આ અરસામાં બધા સત્યાગ્રહી કેદીઓ યુનીઅનની જુદી જુદી જેલોમાંથી છુટયા. તેમાંથી એક બેન વાલીઆમા જે તા. ૨૨ મી ડીસેમ્બરે પોતાની માતા સાથે ત્રણ માસની જેલમાં હતી તે જેલમાંથી લાવેલી માંદગીને લીધે છુટી થયા પછી તુરતજ મરણ પામી. છેવટની વિષ્ટી હજી ચાલતી હતી તેવામાં રેલ્વેની મહાન હડતાલ પડી. આથી વળી પાછી ઢીલ થઇ પણ હિંદી આગેવાનોએ ત્રીજી લડત શરૂ થઇ તે પહેલાં જેમ સબુરી પકડી હતી તેમ આ વખતે પણ સબુરી પકડી. હડતાલ થોડા વખત પછી શાંત પડી અને કેપ ટાઉનમાં તુરતજ પારલામેંટ મળી. આ વેળા મી. એન્ડરૂસ કેપટાઉનમાંજ હતા. મી. ગાંધી પણ ત્યાં ગયા. આ પ્રસંગે જાહેરમત કેળવવાના જે સંજોગો ભેળા થયા હતા તે અગાઉ કદી આવ્યા ન હતા, અને તેમાં મી. એન્ડરૂસનું સીટી હોલ નું ભાષણ કે જેમાં લોરડ ગ્લેડસ્ટને હાજરી આપી હતી અને મેયરે પ્રમુખપદ લીધું હતું તેથી હીંદી આદર્શો વધારે પ્રકાશમાં આવ્યા.

કમીશનનો રીપોરટ અને નવો કાયદો

આ વખતે કમીશનનો રીપોરટ બહાર પડયો. તેણે સત્યા ગ્રહીઓની બધી માગણી વાજબી જણાવી દાદ આપવાની સરકારને ભલામણ કરી. થોડાં અઠવાડીઆં પછી 'રીલીફ બીલ' નામનો કાયદો બહાર પડયો. પારલામેંટમાંથી તે પાસ કરાવવાને સરકારે જે દ્રઢતા અને ઇંતેજારી બતાવી હતી તેની છાપ કોના ઉપર નહીં પડી હોય ? પા. ૩ નો કર ગયો.' લગ્નના સવાલનો સંતોષકારક ફડચો થયો અને કાયદામાંથી જાતી ભેદ દુર થયો. આટલું તો બહુ ઉંડા ઉતરયા સિવાય નજરે આવી શકે તેમ છે. પરંતુ તેથી પણ

વધારે અગત્યનો લાભ

થયો છે. જેમ જેમ સત્યાગ્રહની લડત મજબુત અને પવિત્ર થતી ગઈ તેમ તેમ હિંદી અને યુરોપીઅન પ્રજા વચ્ચે ઘાડો સંબંધ બંધાતો ગયો. તેઓ એક બીજા સાથે વધુ નજીક આવતા ગયા. લડતના દરેક નવા દેખાવ સમયે નવી ફતેહ અને નવા મિત્રો મળતા ગયા. હિંદીઓ તરફ ધિક્કાર અને અણવિશ્વાસ બતાવવામાં આવતાં હતાં–આવી વરતણુંક સામે જે લાગણી બતાવવા ખાતર લડતની શરૂઆત થઈ હતી, તે અણવિશ્વાસ અને ધિક્કાર આજે વિશ્વાસ અને માનના રૂપમાં ફેરવાયાં છે. હિંદીઓના ભલાની વાત હોય યા તેમને

લાગુ પડતી કોઈ બીના હોય તો આજે તેઓના આગેવાનોની સાથે પ્રથમ મસલત કરવામાં આવે છે. અને સત્યાગ્રહ એ એક એવું હથીયાર સાબીત થયું કે જેની મદદથી દુઃક સમયમાં કોમે વોટથી મેળવી શકાય તેથી પણ વિશેષ મેળવ્યું છે. ૧૯૦૭ નો કાયદો રદ કરાવવો ત્યાંથી પ્રથમ હિલચાલ શરૂ થઇ. તે કાયદો રદ થયો અને તેનાજ જેવા કાયદા બીજા કોલોનીઓમાં થશે એવી ધાસ્તી રહેતી હતી તે પણ દૂર થઇ. શરૂઆતમાં કોલોનીઓમાંથી હિંદીઓની જડ મૂળ કાઢી નાખવા જતી ભેદ વાળા કાયદા ધડાવાની હમેશાં ધાસ્તી રાખવામાં આવતી હતી. આ સમાધાનથી આખા સામરાજ માં જતી ભેદ વાળા કાયદા થાય એવો સંભવ નથી. હિંદુસ્તાનમાંથી આવતી ગીરમીટીઆ મજુરીનો દ. આફ્રીકામાં અટકાવ થયો છે. આવા આવા અનેક લાભો કોમે સત્યાગ્રહ ધારણ કરવાથી ઉઠાવ્યા છે.

પુરણાહુતી

માં અમારે જણાવવું જોઈએ કે જે લાભો ઉપર ગણાવ્યા તેથી પણ ઉત્તમમાં ઉત્તમ લાભ હિંદી પ્રજાએ એ ઉઠાવ્યો છે કે સત્યાગ્રહીઓએ ભોગવેલાં દુઃખો, તેમણે વેઠેલી અનેક હાડમારીઓ, અને તેઓએ આપેલા મહાન આત્મભોગોથી શાંતી રૂપી નવીન જુસ્સો સરવત્ર પ્રસરી રહ્યો છે. કાયદે સર પ્રજાકીય સમાનતાનો વાવટો ઉડતો રાખવામાં આવ્યો છે, અને હવે કબુલ રાખવામાં આવ્યું છે કે હિંદી પ્રજા પણ ઉચ્ચ સ્થાનને લાયક છે, અને તેની અવગણના થઇ શકે એમ નથી. સત્યાગ્રહની લડતે સાબીત કરી દરશાવી આપ્યું છે કે શારીરીક બળ કરતાં આત્મિક બળ સર્વોત્તમ છે, તિરસ્કાર ના કરતાં પ્યાર એ ઉત્તમ છે અને બળના કરતાં હક એ સરસ વસ્તુ છે. જગતની પ્રજાઓમાં હિંદુસ્તાનનો દરજ્જો વધ્યો છે. તેનાં બાળકો દ. આફ્રીકામાં પ્રતિષ્ઠા મેળવી શકયાં છે. સુલેહ અને શાંતિના મારગે તેઓ હવે પોતાની ઉન્નતિ કરે અને દ. આફ્રીકામાં જે નવીન મહાન પ્રજા હાલ ઉછરે છે તેને ખીલવવામાં દરેક જણ પોત પોતાનો ફાળો આપે એવી અંતની પ્રાર્થના છે. અસ્તુ.

જનરલ સ્મટસનાં કેટલાંક જાણવા લાયક ભાષણ

દક્ષીણ આફ્રીકાની યાદગાર લડત સાથે જનરલ સ્મટસનું નામ હમેશાં જોડાઇ રહેશે. આ લડતની શરૂઆત કેમ થઇ તથા જુદાજુદા તબકકા સમયે હીંદીઓ માટે આ દેશમાં કેવી લાગણી હતી તેનો ઇતિહાસ રૂપે કાંઇક ખ્યાલ જનરલ સ્મટસ નાં ભાષણોમાંથી મળી શકે એમ છે. તેથી અમે તેનાં કેટલાં એક ભાષણોમાંથી જાણવા લાયક ભાગ અત્રે આપીએ છીએઃ

અકટોબર ૧૯૦૭

જનરલ સ્મટસે પોતાના ચુંટણી કરનારાઓની સમક્ષ પ્રીટોરીઆમાં ભાષણ કરયું હતું તેમાં તે આ પ્રમાણે બોલ્યા હતાઃ દક્ષીણ આફ્રીકાની જથુની આબાદીને તોડનારા ટ્રાંસવાલમાં વસતા હીંદી અને ચીનાઓ છે. જુના રાજ્યમાં ૧૮૮૫ના કાયદા પ્રમાણે હીંદી લોકો જો રજીસ્ટર થઇ અમુક રકમ ન આપે તો રહી શકતા ન હતા. તે કાયદા વડે બધા હીંદી રજીસ્ટર થતા. તેઓએ વેપારમાં હરીફાઇ કરી તેથી ઉચ્ચ પાર્લામેન્ટે તેઓને બજારમાંજ વેપાર કરવા દેવાનો ઠરાવ કર્યો. પણ બ્રીટીશ સરકાર વચમાં આવી. તેઓ બ્રીટીશ રઇયત છે એમ તેણે કહયું અને જણાવ્યું કે લંડન કનવે નશનની રૂયે બધી બ્રીટીશ રઇયતને એક સરખી રીતે રાખવી જોઇએ અને તેથી બજારનો કાયદો અમલમાં ન આવી શકયો. પરીણામ એ આવ્યું કે હીંદી વેપારીઓ બધી જગ્યાએ પથ રાઇ ગયા. તેઓ વગર લાયસેન્સથી વેપાર કરવા લાગ્યા ને તેથી તેઓ ગોરા વેપારી કરતાં સારી સ્થિતિમાં આવી પડયા. આ બધી ખરાબ સ્થિતિ હતી, છતાં બ્રીટીશ સરકારનાં લખાણોને લીધે લડાઇ થતા સુધી તે ચાલી. તેનું પરીણામ તમે પ્રીન્સલુ સ્ટ્રીટ (પ્રીટોરીઆ)માં, પીટર્સબર્ગમાં, પોચેફ્સ્ટ્રમમાં અને બીજી જગ્યાએ જોઇ શકો છો. તે જગ્યાએ વેપાર હીંદીઓના હાથમાં છે. તો પણ લોકો પુછયા કરે છે કે દેશમાં ભુખમરો કેમ આવ્યો! વેપાર કેમ પડી ભાગ્યો છે? મને તો લાગે છે કે હીંદી વેપાર તેનું એક કારણ છે. જેમ નાતાલમાં છે તેમ હીંદી કોમે અહીં કરવા માંડયું છે. તેઓ બધો વેપાર લઇ લેવા માગે છે. **તેની હવા અમે કરીએ છીએ. તેટલા સારૂ અમે રજીસ્ટર કાયદો પસાર કરયો છે. તે કાયદો પસાર કરતાં કોઇ મેજર તેની સામે નહીં થયેલ.** આ કાયદા બાબત અડચણ આવશે એમ હું જાણું છું તેથી તે શું છે એ હું તમને જણાવવા માગું છું. અહીં ઘણા હીંદી છે તેથી તે કાયદો અમે આકરો કર્યો છે. .....હીંદીઓ એમ ધારે છે કે તેઓ સરકારને બેવકુફ બનાવશે. પણ તેઓને થોડી મુદતમાં પોતાની ભુલ માલુમ પડી રહેશે.

હીંદીને રજીસ્ટર થવાની મુદત આપવામાં આવી છે. સરકારને માલુમ પડયું છે કે રજીસ્ટર ઓફીસની પાસે પીકેટ રાખવામાં આવે છે. તેનું પરીણામ એ આવ્યું છે કે ઘણાજ

થોડા હીંદી રજીસ્ટર થયા છે પણ મારે તેઓને યાદ આપવું ઘટે છે કે દરેક વસ્તુનો અંત આવે છે. કાયદો સખત રીતે અમલમાં મુકવામાં આવશે. અને જે હીંદી મુદતની અંદર રજીસ્ટર નહીં થયો હોય તેને હદપાર કરવામાં આવશે. નવી નોટીસ કાઢવામાં આવી છે કે જેની પાસે રજીસ્ટર નહીં હોય તેને ડીસેમ્બર મહીના પછી લાઇસેન્સ આપવામાં આવશે નહીં. જો હીંદીઓ હાલ રજીસ્ટર નહીં થાય તો તેઓને આ છેલ્લી તક છે. ને પછી કોઇને રજીસ્ટર કરવામાં નહીં આવે. અંજામ એ આવશે કે એકે લાઇસેન્સ આપવામાં નહીં આવે ને બધી દુકાનો બંધ થશે. (તાળીઓ) હીંદી કોમ એમ ધારે છે કે સરકાર છેવટે પડતું મેલશે. પણ હું તમને **ખાત્રી આપું છું કે સરકાર પડતું મેલવા ધારતી નથી. હું હીંદીઓને ચેતવણી આપું છું કે અમે કાયદો પુર્ણ રીતે અમલમાં મુકશું.** હું ફિમેદ રાખું છું કે છાપાવાળાઓ ચોખ્ખું બતાવી આપશે કે તા ૩૧ ડીસેમ્બર પછી તેઓની સામે હમેશને સારૂ દરવાજા બંધ થશે. મારે હીંદી કોમ સાથે તકરાર નથી; અમારો હેતુ જુલમ કરવાનો નથી; પણ હીંદીઓને આવતા અટકાવવાનો છે. અમારો વિચાર આ મુલક સફેદ લોકોનો કરવાનો છે. ગમે તેવી મુસ્કેલી પડે તોપણ એમ કરવાનો નિશ્ચય છે ને તેમાંથી અહીંની સરકાર પાછી હઠનાર નથી.

ઓગસ્ટ ૧૯૧૮

મરજીઆત રજીસ્ટરને કાયદેસર ગણવાના બીલનું બીજું વાંચન રજુ કરતી વખતે તા. ૨૧ ઓગસ્ટ ૧૯૦૮ ના રોજ લેજીસ્લેટીવ એસેમ્બલીમાં મી. સ્મટસે ભાષણ કરયું તેમાં નીચેના શબ્દો હતા:—

આ એશીઆટીક સવાલે આ છેલ્લા ત્રણ ચાર વરસ થયાં તો વિચારવા લાયક રૂપ પકડયું છે અને આજે તે એક ગંભીર સવાલ થઇ પડયો છે. લડાઇ પછી આ દેશની ગોરી પ્રજાનાં દીલ આ સવાલના જેવાં બીજા કોઇ પણ કારણથી ઉંચકે થઇ ગયાં નથી એવું હું માનું છું.(હીઅર, હીઅર) છતાં માનવંતા સભાસદો કે પ્રજાને ભારે પગલાં લેવાની જરૂર નથી. આ સવાલ પુરી શાંતિથી વિચારવાનો છે. અને હું આશા રાખું છું કે આ સવાલ ઉપર જે ચરચા ચાલે તેમાં શાંતિ અને પુખ્ત વિચાર ધારણ કરશો. હાલના કેટલાક બનાવો ઉપરથી લોકોનાં મન ઉકળી રહ્યાં છે. પણ મને ખાતરી છે કે આ સભામાં માનવંતા ગ્રહસ્થો શાંતિથી વેની ચરચા કરશે. પાર્લામેંટની આ બેઠકમાં આ સવાલ ત્રીજી વખત હાથ ધરવામાં આવે છે. માનવંતા સભાસદોને યાદ હશે કે ૧૯૦૬ માં આ કોલોની વડી સરકારની નીચે હતું તે વખતે એક કાયદો થયો હતો પણ તેને વડી સરકારની મંજુરી મળી નહીં તેથી અમલમાં નહીં આવી શકયો પણ ૧૯૦૭માં અહીંની સ્વતંત્ર સરકારે કાંઈ ફેરફાર કર્યા વિના ઘડી મોકલ્યો ત્યારે વડી સરકારે બહાલ રાખ્યો. આ કાયદો ગયે વરસે અમલમાં આવ્યો. તે મુજબ રજીસ્ટર થવાની જુદી જુદી તારીખોની નોટીસો બહાર પાડી પણ કેટલાંક કારણોને લઇને એશીઆટીકોએ તેની સામે સત્યાગ્રહ આરંભ્યો અને કાયદા પ્રમાણે રજીસ્ટર કરવાનો હેતુ બર આવ્યો નહીં. રજીસ્ટર કઢાવવાની મુદત તા. ૩૦ જુન સુધીની હતી તે વખત દરમ્યાન આખા કોલોનીમાંથી માત્ર ૬૦૦ એશીઆટીકોએ રજીસ્ટર કઢાવ્યાં હતાં. આખા દેશમાં એશીઆટીકોની વસ્તી ૬૦૦ કરતાં ઘણી મોટી છે. એટલે જોઇ શકાય છે કે સત્યા ગ્રહની લડતમાં તેઓ કેવી શકમા હતા. આ બહુ કફોડી તેમજ ભયંકર સ્થિતિ ગણાય. સત્યાગ્રહની સામે સરકારે કેવી રિતે વર્તવું તેના જેવી કફોડી સ્થિતિ બીજી કોઇ નથી. આ પગલું લડાઇની બરાબર છે. અને રાજ્ય કર્તાની નજરે અંધેર ગણી શકાય. આગળના જમાનામાં લડાઇ જાહેર કરીનેજ આ વાતનો ફડચો લાવ્યા હત. પણ આવા સમયમાં તેમ થવું અસંભવીત છે અને તેથી સરકારે કેવી રિતે કામ લેવું એ ઘણું વિચારવા જેવું થઇ પડયું છે. આ કાયદાને અમલમાં મુકવા મારાથી જેટલું બની શકયું તેટલું મેં કરયું. કાયદા પ્રમાણે સજા કરી પણ તેનું પરીણામ એ આવ્યું કે દેશના એક છેડાથી બીજા છેડા સુધીનાં કેદખાનાં એશીઆ ટીકોથી ભરાઈ ગયાં. આ સ્થિતિ ઘણી અસંતોષકારક ગણાય. માનવંતા સભાસદોને યાદ હશે કે છેવટે હું તેમના કેટલાક આગેવાનોને મળ્યો અને કેટલીક ચરચા કરી, તેને પરીણામે પાર્લામેંટ મળે ત્યાં સુધી કામચલાઉગોઠવણ થઇ. તેનો હેતુ એ હતો કે ટ્રાંસવાલના હકદાર રહીશ હોય તેવા સજ્જન એશીઆટીકો મરજીઆત રજીસ્ટર કઢાવે અને પાર્લા મેંટ મળે ત્યારે બે કબુલ રાખવા માટે તે બીના પાર્લામેંટમાં રજુ કરવી. આ ગોઠવણ પ્રમાણે એશીઆટીકોએ મરજીઆત રજીસ્ટરને માટે અરજી કરી અને આજ સુધીમાં આ દેશમાંના લગભગ દરેક એશીઆટીક રજીસ્ટ્રેશન માટે અરજી કરી છે. કુલ અરજીઓ ૯,૧૫૮ થઇ છે. આથી આપણને ખાત્રી થાય છે કે ઉમરે પહોંચેલા મરદની વસ્તી તે સંખ્યાથી વધુ નથી.

એપ્રીલ ૧૯૦૯

ટ્રાંસવાલ લેજીસ્લેટીવ એસેમ્બલીમાં મી. જી. જી. મનીકના એક સવાલના જવાબમાં મી. સ્મટસે નીચે મુજબ જવાબ આપ્યો હતો:

"જો તમે ઇતિહાસમાં એટલે દુર સુધી જશો તો આપણે બધા ગોરા એશીઆટીક છીએ. એવી માન્યતા છે કે આપણે એશીઆમાંથી યુરોપમાં આવેલા; ને તેથી આપણે યુરોપી અન ઓલાદના કહેવાઇએ તેમ એશીઆટીક ઓલાદના પણ કહેવાઇએ....."

માર્ચ, ૧૯૧૧

ઇમીગ્રેશન બીલ પાર્લામેંટમાં મારચ ૧૯૧૧ માં રજુ કરતી વખતે જનરલ સ્મટસ બોલ્યા કે એશીઆટીક એક વખત અહીં આવ્યા પછી બીજી બાબતો સવાલમાં દાખલ થાય છે, અને તે ઉપર ઘણી સંભાળથી ધ્યાન આપવું પડે છે આપણે હાથમાં ધરવા પડેલ અધરામાં અધરા સવાલોમાંનો તે એક છે. સરકારની સામે આવીને એ વાત ખડી રહી છે કે એશીઆટીકોને જંગલી તરીકે રાખી શકાશે નહીં. કેમકે તેઓ પ્રાચીન સુધારાવાળા લોકો છે; પોતાના હકપર હુમલો થાય ત્યારે બચાવ કેમ કરવો તે તેઓને આવડે છે; કેમ એકત્ર થવું અને પોતાના હકનું કેમ રક્ષણ કરવું એ તેઓ શીખ્યા છે. તેઓ ખરેખર બહુ હોંશીયાર છે. તેમાંના કેટલાક ઉચ્ચ ચારિત્રવાન, અને મોટી બુદ્ધિવાળા પુરૂષો છે. તેમની કારોબારી વ્યવસ્થા (ઓરગેનીઝેશન) એવી છે કે જે દક્ષીણ આફ્રીકામાં તો જોરાવર છે એટલુંજ નહીં પણ હીંદુસ્તાન અને ઈંગ્લાંડમાં પણ તેઓનું જોર સરસ છે.

તા. ૧૮ જુન ૧૯૧૪

રીલીફ બીલ સેનેટમાં બીજી વખતે વંચાયું ત્યારે જનરલ સ્મટસ પોતાના ભાષણ દરમ્યાન બોલ્યા હતા કે શાન્તિ ફેલાવવાને માટે આપણે જે કરી શકીએ તે બધું કરવા માટે રીપોર્ટની ભલામણો અમલમાં મુકવી ઘટે છે. કદાચ એમ પણ બને કે ગમે તેટલું કરતાં પણ શાન્તિ ન થાય. પરંતુ આપણે તેનો ખ્યાલ નથી કરવાનો; આપણે તો આપણી ચોખી ફરજ બજાવવાની છે. પા. ઉના કાયદાથી હીંદીઓ પાછા પોતાને દેશ જતા હોય એટલો પણ અર્થ સરતો હોય તો તો ઠીક છે, પણ કમીશને આપણને જણાવ્યું છે કે તે તો કંઇ નથી; ઉલટાની મુશ્કેલી ઉભી કરવાનું તે સાધન બને છે. આ સ્થિતિનો વિચાર કરવો અને દિવસો જતાં જે વધારે ગંભીર રૂપ પકડે એમ છે તે કાગળો દુર કરવામાં ડહાપણ ગણાશે. સરકાર તરીકે આપણે કમીશનના ચુકાદાને પુરેપુરૂં ધ્યાન આપવું ઘટે છે. શું આપણે લોકોને બંદુકે મારી આખી શહેનશાહતમાં ભડકો કરવો છે? જો આ મુશ્કેલીમાંથી કોઇ રસ્તો નીકળી શકે એવું છે તો તે રસ્તો કાઢવોજ જોઇએ.

સત્યાગ્રહની છેલ્લી લડતનો મારો અનુભવ

[લખનારઃ રા. રા. મોહનદાસ કરમચંદ ગાંધી]

છેલ્લી લડતમાં તો અવધી થઇ છે. તે અનુભવ લખવાનો મને વખતજ મળ્યો નથી. તેમાં મળેલા અનુભવનો લાભ ઈ. ઓ. ના વાંચક વરગને આપવાનો હતો. છેલ્લી લડત તે સત્યાગ્રહનું ત્રીજું પ્રકરણ હતું એ વાંચનારે યાદ રાખવું ઘટે છે. પહેલું પ્રકરણ બંધ થયું ત્યારે આપણે—મેં તો જરૂર—છેલ્લું માન્યું હતું. પણ જ્યારે બીજું પ્રકરણ શરૂ થવાનો વખત આવ્યો ત્યારે ઘણા ભાઈઓ મને કહેવા લાગ્યા કે હવે કોણ લડશે? વખતો વખત કોમ એટલું જોર બતાવી શકશે નહીં. આ સાંભળ્યું ત્યારે હું હસેલો. સત્ય ઉપર મારી અચળ આસ્થા હતી. મેં જવાબ આપ્યો કે 'લોકોએ એક વખત રસ ચાખ્યો છે એટલે હવે વધારે લડશે.' થયું પણ તેમજ. પહેલી વેળા સો બસેં હીંદી જેલ ગયા. બીજી વેળા સેંકડો ગયા. એટલુંજ નહીં પણ નાતાલ જાગ્યું ને ત્યાંથી આગેવાનો ભાગ લેવા આવ્યા. લડત ખુબ લંબાઇ છતાં જોર તુટયું નહીં ને આપણે આગળ વધ્યા. છેલ્લી વેળાયે તો હારનીજ વાતો મેં સાંભળી. "વખતો વખત તને સરકાર દગો દીએ તું છેતરાય ને વખતો વખત લોકો ખાડામાં ઉતરે એ બનેજ નહીં." આવું કડવું વચન મારે સાંભળવું પડતું હતું. હું ઘણુંયે સમજતો હતો કે સરકારના દગાની સામે મારો કે કોઇનો ઉપાય ચાલે તેમ ન હતું. આપણે પ્રેમી સરી નોટ લઇએ પણ સહી કરનાર ઇનકાર કરે અથવા ખુટી પડે તેમાં લેનારનો શો દોષ? હું તો જાણતો હતો કે સરકાર વચન ભંગ કરે તો જેમ આપણને વધારે મહેનત કરવી પડશે તેમ તેમ તેને વધારે આપવું પડશે. કરજી કરજ ભરતાં વખત લગાડે તેટલે દરજે તેને વધારે બોજો ઉપાડવો પડે છે એ અચળ કાયદો સંસારી તેમજ ધાર્મીક કરજને લાગુ પડે છે. મેં તો વળી જવાબ આપ્યો કે "સત્યાગ્રહની લડત એવી છે કે તેમાં હારવાનું કે પસ્તાવાનું છેજ નહીં. તે લડતમાં હમેશાં માણસ વધારે બળવાન થાય છે. તેમાં થાક લાગતો નથી ને દરેક મંજલે જોર વધે છે. જો આપણામાં સત્ય હશે તો હીંદી કોમ આ વેળા વધારે કામ કરશે ને પોતાનું નામ વધારે ઉજ્વળ કરશે." આ જવાબ મેં વાળ્યો ત્યારે મારા સ્વપ્નામાં પણ ન હતું કે વીસ હજાર ગરીબડા હીંદી જાગશે, તેઓ પોતાનું નામ ને પોતાના દેશનું નામ અમર કરશે. જનરલ બોથાએ પોતાના એક ભાષણમાં કહ્યું છે કે હીંદી કોમે જેવી હડતાલ પાડીને જાળવી તેવી ગોરાઓ પાડી કે જાળવી શકયા નથી. છેલ્લી લડાઇમાં ઓરતો દાખલ થઇ, સોળ વરષના જુવાન બાળકો ઘણા જોડાયા ને લડતે બહુ વધારે ધારમીક સ્વરૂપ લીધું. દ. આ. ના હિંદીની વાત આખા જગતમાં ફેલાઇ. ને હિંદુસ્તાનમાં ગરીબને તવંગર, જુવાન ને

ઘરડા, પુરૂષ તેમજ સ્ત્રી, રાજા નેં રૈયત, હીંદુ મુસલમાન, પારસી, ખ્રીસ્તી, મુંબઇવાળા, મદ્રાસવાળા, કલકત્તાવાળા ને લાહોરવાળા બધા જાગ્યા, બધા આપણી તવારીખથી વાકેફ થયા ને આપણને મદદ કરવા લાગ્યા. વડી સરકાર ચમકી, વાઇસરોયે પ્રજાનું વલણ જાણીને પ્રજા પક્ષ લીધો. આ બધી જગજાહેર વાત છે. લડતનું મહત્વ બતાવવા હું આ બીનાઓ લખી જાઉં છું. આ લેખ લખવામાં મારો મુખ્ય હેતુ તો એ છે કે જે બીનાઓથી હું વિશેષ વાકેફ છું, જેની હીંદને ખબર નથી અને જેનું ભાન દ. આ. માં રહેનારા હીંદી ભાઇઓને પણ પુરૂં નથી તે બીનાઓનું દરસન કરાવવું.

ટોલસ્ટોય ફારમમાં જે તાલીમ લેવાઇ તે બધી આ છેલ્લી લડતમાં કામ આવી સત્યાગ્રહીઓએ જે જીંદગી ત્યાં ભોગવી તે આ લડતમાં અમુલ્ય થઇ પડી તેજ જીંદગીની નકલ વધારે સારી રીતે ફીનીકસમાં કરવામાં આવી. જ્યારે ટોલ સ્ટોય ફારમ બંધ કરયું ત્યારે તેમાં વસતા નિશાળીઆ જે આવવા તયાર હતા તે ફીનીકસમાં આવ્યા. ફીનીકસમાં ધારા સખત થયા. અને દરેક નિશાળીઆ તથા તેના મા બાપની સાથે એ શરત હતી કે જે નિશાળીઆ ફીનીકસ રહે તેણે જો તે ઉમરલાયક હોય તો, ને લડત ફરી જાગે ત્યારે તેમાં ઝાપલ્લ થવું જોઇએ. ખરૂં જોતાં ફીનીકસમાં મુખ્ય કેળવણીજ સત્યાગ્રહની થઇ પડી. ફીનીકસમાં વસનારાં કુટુંબને પણ એ નિયમ લાગુ પડતો થયો. તેમાં માત્ર એકજ કુટુંબ અળગું રહ્યું. એટલે પરિણામ એ આવ્યું કે ફીનીકસ ચલાવવા સારૂ જેટલા માણસની જરૂર પડે તે સિવાય બધા જ્યારે લડત ઉઠી ત્યારે તયાર હતા. આથી ત્રિજી લડતની શરૂઆત ફીનીકસ વાળાઓથી થઇ. જ્યારે સ્ત્રીઓ પુરૂષો ને બાળકો નીકળ્યાં ત્યારનો દેખાવ મારાથી ભુલાય તેવો નથી. દરેકને એકજ લાગણી હતી; તે એ કે આ લડત ધરમ યુધ્ધ છે, ને તેઓ જત્રાએ નીકળતા હતા. જતી વેળા તેઓએ ભજન કીરતન ગાયાં તેમાંનું એક પ્રખ્યાત કાવ્ય "સુખ દુઃખ મનમાં ન આણીએ" એ છે. તે અવસરે જે અવાજ બાળકો, સ્ત્રીઓ, ને મરદોના મુખમાંથી નીકળતો હતો તેનો ભણકારો હજુ મારા કાનમાં પડેછે. આ સંધની સાથેજ મહાન પારસી રૂસ્તમજી હતા. ઘણાના મન માં હતું કે મી. રૂસ્તમજીએ ગઇ વેળા એટલું દુઃખ ભોગવ્યું છે કે તે હવે નહિ જોડાય. આમ બોલનારા મી. રૂસ્તમજીની મહત્તાને નહોતા જાણતા. બઇરાંઓ અને બાળકો જાય તથા પોતે ઘેર બેસે એ તેમનાથી જોવાયજ નહિ. મને આ સમયના બીજા બે બનાવ યાદ આવેછે. મી. રૂસ્તમજી તથા તેના કેશરીસિંહ જેવા બાળક સોરાબજી વચ્ચે હરિફાઇ ચાલી. સોરાબજી કહે બાવાજી મારે આવવું છે; તમારી વતી મને જવા દો અથવા મને પણ સાથે લઇ જાઓ.

બીજો દેખાવ મરહુમ હુસેન મીંયાની સાથેનો મી. રૂસ્તમજીનો ભેળાપ હતો. મી. રૂસ્તમજી તેને મળવા ગયા ત્યારે તેની આંખમાંથી આંસુની ધારા ચાલી ને તેણે કહ્યું 'કાકાજી, જો હું સાજો હોઉં તો તમારી સાથે જેલમાં આવું.' ભાઇ હુસેનનો દેશ તરફનો પ્રેમ બહુ ભારે હતો. તેણે ખાટલા વશ છતાં લડતને ટેકો આપેલો ને જે તેને મળતું તેની પાસે તે લડતનીજ વાત કરતો.

ફીનીકસમાં જેઓ પાછળ રહ્યા તેઓમાં ૧૬ વરષની અંદરના છોકરાઓ પણ હતા. તેઓએ ને કારભારીઓએ જેલની બહાર હોવા છતાં જેલમાં જનાર કરતાં વધારે કરી બતાવ્યું. તેઓએ રાત દિવસનો ભેદ કહાડી નાખ્યો. પોતાનાં સાથી તથા મુરબ્બીઓ ન છુટે ત્યાં લગી અઘરાં વ્રતો લીધાં, અલુણા આહાર ઉપર નિરવાહ ચલાવ્યો, ને જોખમનાં કામો પણ બેધડક થઇ માથે લીધાં. જ્યારે વીકટોરીયા કાઉંટીમાં હડતાલ પડી ત્યારે સેંકડો ગીરમીટીઆઓ એ ફીનીકસમાં આશરો લીધો. તેઓની બરદાસ કરવી એ એક મહત કારય હતું: ગીરમીટીયાના શેઠો તરફથી ધાક આવવાની ધાસ્તિ છતાં બેધડકપણે કારય કરવે જવું એ બીજું. પોલીસો ત્યાં ગયા, મી. વેસ્ટને પકડી ગયા, બીજાઓને પકડી જાય એવો સંભવ હતો, તે બધાની તયારી રાખી પણ એક આદમી ફીનીકસમાંથી ચળ્યો નહી. હું ઉપર કહી ગયો છું કે આમાં માત્ર એકજ કુટુંબ અપવાદ રૂપે રહેલું. ફીનીકસના કારભારીઓએ આ પ્રસંગે કોમની સેવા બજાવી છે તેનું માપ હીંદી કોમ કરી શકે તેમ નથી. આ છુપો ઇતિહાસ હજુ નથી લખાયો તેથી હું તેમાંનો કંઇક ભાગ આપી જાઉં છું. તે એવી આશાથી કે કોઇક દિવસ કોઇ જીજ્ઞાસુ વધારે હકિકત મેળવી ફીનીકસના કારભારી ઓના કારયની કીંમત કંઇક અંશે આંકી શકે. હું વિશેષ લખવા લલચાઉં છું પણ ફીનીકસને અહીં પડતું મેલું છું.

ફીનીકસની ટુકડી જેલ ગઇ એટલે જોહાન્સબરગથી ન રહી શકાયું. ત્યાંની બઇરીઓ અધીરી થઇ. તેઓને જેલ જવાનો ઘણોજ ઉત્સાહ થયો. મી. થંબી નાઇડુનું કુટુંબ આખું તયાર થયું. તેમની બૈરત, સાળી, સાસુ, મી. મુરગનનાં સગાંઓ, મીસીઝ પી. કે. નાયડુ, અમર નામ કરી ગએલી બહેન વાલીઆમા અને બીજી સ્ત્રીઓ તયાર થઇ. તેઓ કાખમાં બાળકો લઇ ચાલી નીકળી. મી. કેલનબેક તેઓને લઇ ફીનીખન ગયા. ત્યાં જવામાં એવી ઉમેદ હતી કે તેઓ ટ્રો સ્ટેટની સરહદ પર જઇ પાછા વળતાં પકડાશે. તેઓની ઉમેદ બર ન આવી. તેઓએ કેટલાક દિવસ દુખે સુખે ફીનીખનમાં ગાળ્યા. ત્યાં ટોપલીઓ લઇ ફેરી કરી પકડાવાનો પ્રયત્ન કર્યો પણ કોઇએ તેઓને પકડી નહિ.

આ નિરાશામાં અમર આશા, છુપાઇ રહેલી હતી. જો

ઓરતોને સરકારે ફ્રીનીખનમાંજ પકડી હત તો વખતે હડતાલ ન પડત. એટલું તો ચોકસ છે કે જે પાયા ઉપર હડતાલ જમી તે પાયા ઉપર તો નજ જામત. પણ કામ ઉપર ઈશ્વરનો હાથ હતો. તે સદા સત્યનો બેલી છે. ઓરતો ન પકડાઈ તેથી એમ ઠરયું કે તેઓએ નાતાલની હદ ઓળંગવી. જો તેઓને ન પકડે તો તેઓએ મી. થંબી નાઈડુની સાથે ન્યુકાસલ મથક કરવું. તેઓ નાતાલ તરફ રવાના થઈ. સરહદ પર પોલીસે ન પકડી. ન્યુકાસલ ઘર કરયું. ત્યાં મી. ડી. લાઝરસે પોતાનું ઘર ઓરતોને સોંપ્યું ને તેમની ઓરતે તથા સાળી મીસ થોમસે આ સત્યાગ્રહી ઓરતોની સારવાર કરવાનું માથે લીધું.

ઠરાવ એવો હતો કે ઓરતોએ ન્યુકાસલમાં ગીરમીટીયાની ઓરતોને તથા ગીરમીટીયાને મળવું. તેઓને તેઓની દશાનો ચિતાર ઓપવો ને ત્રણ પાઉંડના કર બાબત હડતાલ પાડવાનું સમજાવવું; પછી જ્યારે હું ન્યુકાસલ પહોચ્યું ત્યારે હડતાલ પાડવી. પણ ઓરતોની હાજરી તો સુકાં લાકડાં ઉપર દિવાસળી રૂપ થઇ પડી. આ સેજ તળાઇ વીના નહી સુનારી, ભાગ્યેજ મોં ખોલનારી ઓરતોએ ગીરમીટીયા પાસે જાહેરમાં ભાષણ કરયાં. તેઓ જાગ્યા ને હું પહોંચ્યું તે પહેલાં તો તેઓએ હડતાલ પાડવાનો આગ્રહ કરયો. કામ ઘણું જોખમ ભરેલું હતું. મી. નાઈડુનો તાર મને મળ્યો. મી. કેલનબેક ન્યુકાસલ ગયા ને હડતાલ શરૂ થઇ. હું ન્યુકાસલ પહોંચ્યો તે દરમીયાન તો બે કોલસાની ખાણોના હિંદીઓએ કામ બંધ કરયું હતું.

મી. હોસ્કેનના પ્રમુખપણા નીચેની યુરોપીયન સહાયક કમીટીયે મને બોલાવ્યો. હું તેઓને મળ્યો. તેઓએ આપણી હિલચાલ પસંદ કરી ઉ-તેજન આપવાનો ઠરાવ કરયો. એક દીવસ જોહાન્સબરગમાં રહી હું ન્યુકાસલ પહોંચ્યો ને ત્યાં રહયો. મેં જોયું કે લોકોનો ઉત્સાહ અત્યંત હતો. ઓરતોની હાજરીની બરદાસ સરકાર ન કરી શકી ને છેવટે તેમને રખડુ ના તહોમત નીચે જેલ આપી. મી. લેઝરસનું ઘર હવે સત્યા ગ્રહની ધરમશાળા બન્યું. ત્યાં તો સેંકડો ગીરમીટીયા ને સારૂ ખાણું પકાવવાનું કરવું પડયું તેથી મી. લેઝરસ નાસીપાસ નહિં થએલા. ન્યુકાસલના હિંદીઓએ કમીટી નીમી. મી. સીદાત પ્રમુખ નીમાયા. કામ ધમધોકાર ચાલ્યું. બીજી ખાણો ના હિંદીએ કામ બંધ કરયું.

આમ ખાણોના હિંદી મજુરો કામ બંધ કરતા ચાલ્યા તેથી કોલસાના ધણીઓના મંડળની મીટીંગ થઇ. મને ત્યાં બોલાવવામાં આવ્યો. ત્યાં વાતચીત ખુબ થઇ પણ નીવેડો ન આવ્યો. તેઓની માંગણી એવી હતી કે જો આપણ હડતાલ બંધ રાખીએ તો તેઓ સરકારને ત્રણ પાઉંડના કર બાબત લખાણ કરે, આ કંઇ સત્યાગ્રહીથી કબુલ ન થાય. આપણને ધણીઓની સાથે વેર ન હતું. હડતાલનો હેતુ ધણીઓને દુખ દેવાનો ન હતો. માત્ર આપણે દુખ ઉઠાવવાનો હતો. એટલે કોલસાના ધણીની સલાહ માન્ય ન થાય તેવી હતી. હું પાછો ન્યુકાસલ આવ્યો. મજકુર મીટીંગનું પરીણામ મેં જણાવ્યું તેમ ઉત્સાહ વધ્યો. વધારે ખાણોમાં કામ બંધ થયું.

આજ લગી મજુરો પોતપોતાની ખાણમાં રહેતા હતા. ન્યુકાસલની કારભાર મંડળીયે વીચારયું કે જ્યાં લગી ગીર મીટીયા પોતાના શેઠની જમીનમાં રહે ત્યાં લગી હડતાલની પુરી અસર પડે નહી. તેઓ લલચાઇ અથવા ડરીને કામ શરૂ કરે એ ભય હતો. અને શેઠનું કામ ન કરવું છતાં તેના ઘરમાં વસવું અથવા તેનું નીમક ખાવું એ અનીતી ગણાય. આમ ગીરમીટીયાઓનું ખાણો પર રહેવું દોષીત હતું. છેલ્લો દોષ તે સત્યાગ્રહના શુદ્ધ પ્રયાસને મલીન કરનાર જણાયો. બીજી તરફથી હજારો હિંદીને કયાં રાખવા, તેઓને કેમ જમાડવા એ ભારે કામ હતું. મી. લેઝરસનું મકાન હવે બહુ નાનું જણાયું. બીચારી બે ઓરતો રાત દીવસ મહેનત કરતાં પણ પહોચી શકે એમ ન લાગ્યું. તેમ છતાં પણ ગમે તે જોખમ ઉઠાવી ખરૂંજ કરવું એ નિશ્ચય થયો. ગીરમીટીયાઓને પોતાની ખાણ છોડી ન્યુકાસલ આવવાના સમાચાર મોકલ વામાં આવ્યા. આ ખબર મળતાંજ ખાણોમાંથી કુચ શરૂ થઈ. બેલંગીની ખાણના હીંદીઓ પહેલા આવી પહોંચ્યા. ન્યુકાસલમાં કેમ જાણે હમેશાં જાત્રાળુનો સંધ આવતો ન હોય એવો દેખાવ થઈ રહયો. જુવાન, બુઢાઓ, ઓરતો કોઈ છડી ને કોઇ કાખમાં બચ્ચાં વાળી – બધી પોતાના માથા પર ગાંસડીઓ વાળી હતી. મરદોના માથા પર પેટીઓ જોવામાં આવતી હતી. કોઈ દિવસના આવી પહોંચતાં તો કોઈ રાતના. તેઓને સારૂ ખાવાનું પુરૂં પાડવું પડતું. આ ગરીબ માણસના સંતોષનું હું શું વરણન કરૂં? જે મળ્યું તેથી તેઓ સુખ માનતા. ભાગ્યેજ કોઇ રડતો જોવામાં આવતો. બધાના ચહેરા ઉપર હાસ્ય ખીલી રહેલું હતું. મારે મન તો તેઓ તેત્રીસ કોટી દેવતાઓમાંના હતા. સ્ત્રી ઓ દેવી રૂપ હતી. તેઓ બધાને છાપરૂં કયાંથી અપાય? સુવાને તૃણ સાથરો હતો. છાપરૂં આકાશ હતું. તેઓનો રક્ષક ઈશ્વર હતો. કોઈએ બીડીની માગણી કરી. મેં સમજાવ્યા કે તેઓ ગીરમીટીયા તરીકે નહોતા નીકળી પડયા, તેઓ હીંદના સેવક તરીકે નીકળ્યા હતા. તેઓ ધારમીક લડતમાં જોડાયા હતા ને આવે વખતે તેઓએ દારૂ, તમાકુ વીગેરે વ્યસન છોડવાં જોઇએ. જેઓ ન છોડે તેમણે જાહેર પઇસામાંથી તેની હાજતો પુરી પાડવાની આશા ન રાખવી જોઇએ. આ સાધુ પુરૂષોએ ઉપરની સલાહ માન્ય રાખી ને ત્યાર પછી કોઇએ બીડીને માટે પઇસા ખરચવાની મારી પાસે માગણી કરી નહી. આમ ખાણોમાંથી હાર ચાલુ થઈ તેમાં એક ઓરત જે ગરભવતી હતી તેને રસ્તામાં ચાલતાં

ગરભપાત થયો. આવાં અનેક દુખો ઉઠાવતાં છતાં કોઈ થાકયા નહિ, પાછા હઠયા નહિ.

ન્યુકાસલમાં હીંદીની વસ્તી બહુ વધી પડી. હીંદીની જગ્યાઓ ભરાઈ ગઇ. તેઓની પાસેથી જેટલાં મકાનો મળી શકયાં તેટલામાં સ્ત્રીઓ અને ધરડાઓનો સમાસ થઈ શકયો. આ જગ્યાએ કહેવું જોઈએ કે ન્યુકાસલના ગોરાની વસ્તીએ ઘણો વિનય વાપરયો હતો. તેઓએ લાગણી પણ દરશાવેલી. કોઈ પણ હીંદીને કનેડગત નહિ કરેલી. એક ભલી બાઈએ પોતાનું મકાન મફત વાપરવાને આપ્યું. બીજી પણ ઝીણી મદદો ઘણા ગોરા પાસેથી મળ્યા કરતી હતી.

પણ ન્યુકાસલમાં હજારો હીંદીને સદાયને સારૂ રાખી શકાય એવી સ્થિતિ નહતી. મેયર મજરાએલા. ન્યુકાસલની વસતી સાધારણ રિતે ત્રણ હજારની ગણાય. તેવા ગામડામાં દશ હજાર માણસ બીજા સમાઈ નજ શકે. બીજી બાણોના મજુરો કામ બંધ કરવા લાગ્યા. એટલે હવે શું કરવું એ સવાલ ઉઠયો. હડતાલ પાડવામાં હેતુ એ હતો કે જેલ જવું. મજુરોને પકડવા ધારે તો સરકાર પકડી શકતી હતી. પણ હજારોને સારૂ તેની પાસે જેલજ ન હતી તેથી મજુરો ઉપર હજુ હાથ ન નાખ્યો. ત્યારે હવે ટરાંસવાલની હદ ઓળંગી પકડાવું એજ સહેલો ઉપાય રહયો. વળી તેમ કરતાં ન્યુ કાસલમાં ભીડ ઓછી થાય એમ પણ લાગ્યું ને હડતાલીયાની વધારે કસોટી થાય. ન્યુકાસલમાં બાણોના જાસુસો હડતાલી ઓને લલચાવી રહ્યા હતા. એક પણ મજુર પડયો નહીં. તો પણ તે લાલચથી તેમને દુર રાખવા એ કારભાર મંડળની ફરજ હતી. આવાં કારણે ન્યુકાસલથી ચારલસટાઉન કુચ કરવી એ ઠીક જણાયું. પંથ લગભગ ૩૫ માઈલનો હતો. હજારો માણસોને સારૂ રેલ ભાડું નજ ખરચી શકાય. એટલે બધા મજબુત મરદ ને સ્ત્રિઓએ પગેપાળા જવું એમ ઠરાવ થયો. જે ઓરતો ન ચાલી શકે તેને રેલમાં લઇ જવાનું ઠરયું રસ્તામાં પકડાપકડી થવાનો સંભવ હતો તેમજ આવો આ પહેલો અનુભવ હતો તેથી પહેલી ટુકડી મારે લઈ જવી એ નિશ્ચય થયો. પહેલી ટુકડીમાં લગભગ ૫૦૦ હતા તેમાં લગભગ ૬૦ સ્ત્રિઓ પોતાના બચ્ચાં સહીત હતી. આ ટુકડી નો દેખાવ હું કદી ભુલી શકું તેમ નથી. 'ધ્વારકાંનાથકી જે' 'રામચંદ્રકી જે' 'વંદે માતરમ' આવા પોકારો કરતી ટુકડી ચાલતી. બે દિવસ થાય તેટલા પકાવેલા દાલ ચાવલ બંધાવ્યા હતા. સહુ પોતાના પોટલાં બાંધી ચાલી નીકળેલા. તેઓને નીચે પ્રમાણે શરતો સંભળાવવામાં આવી હતી.

૧ હું પકડાઉ જાઉં એવો સંભવ હતો. જો તેમ બને તો પણ ટુકડીએ કુચ જરી રાખવી. અને જ્યાં સુધી તેઓ પોતે ન પકડાય ત્યાં લગી તેઓએ ચાલ્યા કરવું. રસ્તામાં ખોરાક વિગેરેનો બંદોબસ્ત કરવા સરવ પ્રયત્ન થશે, છતાં કદાચ કોઇ દિવસ ખાવાનું ન મળે તો પણ સંતોષ રાખવો.

૨ લડતમાં રહેતાં સુધી દારૂ વિગેરેનું વ્યસન છોડવું.

૩ મરણ પરયંત પાછા ન હઠવું.

૪ રસ્તામાં રાત પડે ત્યાં ઘરની આશા ન રાખવી પણ ઘાસમાં પડી રહેવું.

૫ રસ્તામાં આવતાં ઝાડ પાનને જરા પણ ઈજા ન કરવી. અને પારકી ચીજને બીલકુલ ન અડકવું.

૬ સરકારી પોલીસ પકડવા આવે તો પકડાઈ જવું.

૭ પોલીસની કે કોઇની સામે ન થવું પણ માર પડે તો તે સહન કરવો, ને સામે માર મારીને બચાવ ન કરવો.

૮ જેલમાં જે દુઃખો પડે તે ઉઠાવવાં, ને જેલને મહેલ સમજી તેમાં દિવસ ગુજારવા.

આ સંઘમાં બધા વર્ણ હતા. હીંદુ, મુસલમાન, બ્રાહ્મણ ક્ષત્રિ, વઈશ્ય અને શુદ્ર હતા. કલકત્તીઆ હતા ને તામીલ હતા. કેટલાક પઠાણોને તેમજ ઉત્તર તરફના સીંધીને માર ખાઈ લેતાં પણ બચાવ ન કરવાની શરત આકરી લાગી હતી પણ તેઓએ તે શરત ખુશીની સાથે સ્વીકારી, એટલુંજ નહીં પણ તેઓની કસોટીનો વખત આવતાં તેઓએ બચાવ પણ નહીં કરેલો.

